

Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2019-2021 Issued by SSP, Ahmedabad Valid Upto 31/12/2021
PUBLISHED AT 1st OF EVERY MONTH PERMITTED TO THE POST OF A'BAD PSO ON 3rd OF EVERY MONTH
યુવા સાથી
(Yuva Saathi Gujarati Monthly)
અગ્નિવીર: અગન કસોટી:
ભારતીય સૈન્ય, સરકાર અને યુવાનોની..
VOL. NO. 13, ISSUE NO. 7
₹20
JULY 2022




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

**વાર્ષિક લવાજમ : રૂ.૨૫૦/-**
**ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૬૫૦/-**

**મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | E-mail yuvasaathi.monthly@gmail.com I www.yuvasaathi.com**

**YUVA SAATHI GUJARATI MONTHLY**
**Bank A/c. No. : 163110100029661 (NEFT)**
**Bank/ Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
**IFSC Code: U T I B 0 S B M C B 1**
(ZERO)
**Affiliated - AXIS BANK LTD**

PhonePe
G Pay
Paytm
amazon pay

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક

# યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૩, અંક : ૭ | જુલાઈ ૨૦૨૨ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

## વિચારવાની ... એક ક્ષણ

પ્રથમ વિશ્વયુદ્ધના સમયની આ વાત છે, એક કતારમાં શિસ્તબદ્ધ ઊભેલા સૈનિકોને એના કમાન્ડરે કહ્યું: 'સાથીઓ, ખૂબ જ જોખમ ધરાવતા એક કામને અમલમાં મૂકવા માટે પાંચ સૈનિકની જરૂર છે. આ કાર્યમાં જીવ ગુમાવાની પૂરેપૂરી શક્યતા છે, આથી જે સૈનિક પોતાની મરજીથી આવું જોખમ ઉઠાવવા તૈયાર હોય એ પોતાની કતારમાંથી બે કદમ આગળ આવે.'

હજી એણે પોતાની આ વાત પૂરી નહોતી કરી ત્યાં એક ઘોડેસવાર આવ્યો અને કમાન્ડરનું ધ્યાન એના પર ગયું. એ ઘોડેસવાર કોઈ ખૂબ જ અગત્યનો સંદેશો લઈને આવ્યો હતો. એ સંદેશાનો કાગળ એની પાસેથી લઈને વાંચી લીધા બાદ કમાન્ડરે સૈનિકો તરફ નજર કરી. સૈનિકોની કતારને એની એ જ સ્થિતિમાં જોઈને એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. ખૂબ જ ગુસ્સા સાથે એ બરાડી ઊઠ્યોઃ 'સાવ કાયર છો તમે બધા... તમારામાંથી શું એક પણ એવો મરદ નથી, જે દેશને ખાતર જાન ન્યોચ્છાવર કરવા આગળ આવવા તૈયાર હોય?'

આટલું કહીને એણે સૈનિકોને ઘણા અપશબ્દ કહ્યા ને પોતાના હુકમનો અનાદર કરવા બદલ સજા ફટકારવાની ધમકી પણ આપી. બરાબર એ વખતે એના ધ્યાનમાં આવ્યું કે પાંચ નહીં, કતારમાં ઊભેલા બધા સૈનિક બે કદમ આગળ આવી ગયા હતા.

આમ અવિચારીપણે આવેશમાં આવીને કંઈ બોલવાને બદલે ધીરજ દાખવીને ઉચિત પગલાં ભરવામાં આવે તો એનાથી ગેરસમજનાં માઠાં પરિણામ ભોગવવાં ન પડે.

*સૌજન્યઃ રાજુ અંધારિયા (ચિત્રલેખા)*

**સંપાદક મંડળ**

**• એડિટર ઇન ચીફ •**
જાવેદઆલમ કુરૈશી

**• એડિટર •**
જાબિર માનિગર

**• મેનેજિંગ એડિટર •**
રાશિદ હુસૈન

**• સભ્યો •**
મુહમ્મદ કલીમ અન્સારી
ઈબ્રાહીમ શેઠ
ડૉ. સાકિબ મલિક
મુહમ્મદ ઉમર મનસુરી
સુહેલ તનવીર
રાશિદ કુરૈશી

95 1000 8614

yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ** : રૂ.૨૫૦/-

**ત્રિવાર્ષિક લવાજમ** : રૂ. ૬૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMIC ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

**વાચકો જોગ સૂચના**

પ્રિય ગ્રાહકો

★ ''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.

★ ''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

★ પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઇચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૨૫૦ ઉપરાંત રૂ. ૧૨૦ વધારે આપવા.

● મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

## કુર્આન બોધ

"કહો, હું શરણ માગું છું, પરોઢના રબનું, દરેક તે વસ્તુની બૂરાઈથી જે તેણે પેદા કરી છે, અને રાત્રિના અંધકારની બૂરાઈથી જ્યારે કે તે છવાઈ જાય, અને ગાંઠોમાં ફૂંકનારાઓ (અથવા ફૂંકનારીઓ)ની બૂરાઈથી, અને ઈર્ષા કરનારાની બૂરાઈથી જ્યારે તે ઈર્ષ્યા કરે."

(૧૧૩:૧-૫)

## અનુક્રમણિકા


**૦૫**
**મનોમંથન**
ન્યાયપાલિકા ભગવા બુલડોઝરની અડફેટે...

**૦૬**
**પૈગામ**
શા માટે મુસ્લિમોને નિશાન બનાવવામાં આવે છે?

**૦૯**
**મૂળ પ્રશ્ન**
મુહમ્મદ ﷺ માનવતાના ઉપકારક.. ઈર્ષાના કંટકો વચ્ચે પ્રેમના પુષ્પ

**૧૧**
**ચકચાર**
અગ્નિવીર : અગન કસોટીઃ ભારતીય સૈન્ય, સરકાર અને યુવાનોની..

**૧૪**
**સંશોધનાત્મક લેખ**
ઉમ્મૂલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા રદિ.

**૧૮**
**ચિંતન**
સફળ સમાજનો પાયો

**૨૦**
**સૌંદર્ય બોધ**
શક્તિ અને ક્ષમા

**૨૨**
**ઈદુલ-અઝ્હા વિશેષ**
ધર્મપરાયણતા અને કુરબાની

**૨૬**
**માર્ગદર્શન**
અંધકારથી પ્રકાશ તરફ

**૨૮**
**શૈક્ષણિક ચિંતન**
પઢો! પોતાના રબના નામની સાથે...

**30**
**કરિયર**
વીડિયો એડિટિંગઃ અસંખ્ય અવસરો ધરાવતું ક્ષેત્ર

**૩૨**
**વાર્તા**
ઠાકોરનો કૂવો

**૩૪**
**બાળજગત**
નમાઝમાં જલ્દી ન કરવી...


WWW.YUVASAATHI.COM

## તંત્રી લેખ.. મનોમંથન

# ન્યાયપાલિકા ભગવા બુલડોઝરની અડફેટે...

૨૦૦૨માં થયેલ કોમી રમખાણો રાજ્ય સરકાર પ્રેરિત હતા તે બાબતે SIT (Special Investigation Team) દ્વારા મળેલી ક્લિનચીટને પડકારતી અરજી વિશે સુપ્રિમ કોર્ટે પોતાનો ચુકાદો આપી દીધો છે.અરજીને ફગાવવા સુધી ઉચ્ચ ન્યાયાલય સીમિત ન રહેતાં તેણે વડાપ્રધાન મોદી, રાજ્ય સરકાર તેમજ સમગ્ર તંત્રને બદનામ કરવાનું ષડયંત્ર ગણાવ્યું અને અરજીકર્તા વિરુદ્ધ એફઆઈઆર કરવાનો પણ આદેશ આપ્યો.

**ચુકાદો અપેક્ષિત હતો, કારણ કે બુલડોઝરની અડફેટે માત્ર મુસ્લિમોના મકાનો નથી, ન્યાય પાલિકા પણ છે.**

બિચારા જસ્ટીસને પણ સરકાર અને સરકારી નેતાઓને જસ્ટીફાઈ કરવા પડે છે. ખૈર! જીવન તો બધાને વ્હાલું છે તો ન્યાયાધીશને કેમ ન હોય! પોતાના વર્તમાન જીવનને અને આવનારા રીટાયરમેન્ટ પછીના દિવસોને પણ ન્યાય આપવો તેમની પ્રાથમિક ફરજ છે.!

રાજનીતિમાં તકનો લાભ લેવો ચાતુર્યની કસોટી હોય છે. અને આ કસોટીમાં ઉત્તિર્ણ થવામાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતશાહ નિપુણ છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા પછી તેમણે તુરંત ઈન્ટરવ્યુ આપ્યો અને તિસ્તા સેતલવાડ, તેમની એનજીઓ અને પ્રવર્તમાન સરકારી સનદી અધિકારીઓના  આરોપોને રદીયો આપ્યો અને ગણત્રીના કલાકોમાં બધાની ધરપકડ પણ થઈ ગઈ. જાણે ઈન્ટરવ્યુ અને તેમાં કેટલાક નામોની ઘોષણા અને પછી ધરપકડ - સમગ્ર ઘટનાક્રમ સુનિયોજીત હોય તેવું પ્રતિત થાય છે.

ઝકીયા ઝાફરી કે જેમણે પોતાના પતિને જીવીત સળગતો જોયો હોય, આરબીશ્રી કુમાર અને સંજીવભટ્ટ જેવા સનદી અધિકારીઓ કે જેઓએ મુસ્લિમોનો કત્લેઆમ જોયો હોય અને સતત બે દિવસ સુધી પોલીસ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતી  જોઈ હોય, તો સ્વભાવિક છે કે રાજ્ય સરકારની સંડોવણી હોવાનો વિચાર પ્રબળ બને. SIT તેમાં ક્લિનચીટ આપે તો વ્યક્તિ પાસે લોકતંત્રમાં કોર્ટના દ્વાર ખખડાવ્યા સિવાય કોઈ વિકલ્પ બાકી રહે?

સુપ્રીમ કોર્ટ પહેલા હાઈકોર્ટમાં આ અરજીની સુનાવણી થઈ જ્યાં તેને ફગાવી દેવામાં આવી. હવે સુપ્રિમ કોર્ટે અરજી ફગાવ્યા સુધી બસ ન કરી બલ્કે તેનાથી આગળ વધી અરજીકર્તા ઉપર ગંભીર આરોપો લગાવી દીધા. આ ચુકાદા થકી સરકાર તમામ અન્યાય સામે લડતા કર્મશીલોને સંદેશ આપવા ઈચ્છે છે કે સરકાર વિરુદ્ધ થવું નહીં.. નહિંતર અંજામ જોવા જેવો થઈ શકે.

આ ચુકાદો સુચવે છે કે દેશના લોકતંત્રનો ત્રીજો સ્તંભ હવે ભગવા રંગે રંગાઈ ચૂક્યો છે. એક પછી એક ચુકાદાઓ ન્યાયના માપદંડોના અનુસરણને બદલે શ્રદ્ધા અને બહુમતી લોકોની ઈચ્છા અને સરકારી દબાણના કારણે આવી રહ્યા છે. જે સુચવે છે કે દેશમાં લાંબા ગાળા સુધી લોકતંત્ર નહીં રહે. મોદી સરકાર લોકતંત્રના રસ્તે જ લોકતંત્રની હત્યા કરી રહી છે.

યાદ રહે.. અલ્લાહ અન્યાયને ચલાવી લેતો નથી. જે લોકો સત્તાના નશામાં તેમના વિરોધીઓનો ખાત્મો કરી રહ્યા છે.. સત્તા હાંસલ કરવા અને ટકાવી રાખવા જે ચાલબાજી રમી રહ્યા છે તે વધારે સમય ટકશે નહીં. તેમને મહેતલ આપવામાં આવી રહી છે કે તેઓ સુધરી જાય. પરંતુ તેઓ સમજી રહ્યા છે કે બધી સત્તા તેમના હાથમાં છે. હકીકતમાં સત્તાનો સર્વેસર્વા અલ્લાહ છે. જ્યારે તેમની મહેતલ પુરી થશે ત્યારે અઝાબનો કોરડો તેમની સત્તાના નશાને ચકનાચુર કરી દેશે. —•—

**મુહમ્મદ કલીમ અન્સારી** (મહેમાન તંત્રી)

શકીલઅહમદ રાજપૂત

# શા માટે મુસ્લિમોને નિશાન બનાવવામાં આવે છે?

કુર્આને ઇતિહાસની ઘણી બધી ઘટનાઓ અને વ્યક્તિત્વ પર પ્રકાશ પાથર્યો છે. જેનાથી વિવિધ સમુદાયોની પ્રગતિ અને અવનતિના કારણો આપણી સમક્ષ ઉજાગર થાય છે. અલ્લાહ માનવજાતિને મનોરંજન પૂરું પાડવા કોઈ વાર્તા નથી સંભળાવતો પરંતુ તેનો એકમાત્ર ઉદ્દેશ્ય માનવજાતિ માટે બોધપાઠ આપવાનો હોય છે. કુર્આનના આ કિસ્સાઓમાં હઝરત મૂસા અને ફિરોનનો ઉલ્લેખ પણ વિસ્તારથી કરવામાં આવ્યો છે. આ બંન્ને માત્ર ઈતિહાસમાં બે પાત્ર નથી બલ્કે સત્ય અને અસત્યની લડાઈના બે સીમાચિહ્ન છે. ઇજિપ્તમાં કિબ્તી જાતીનું શાસન હતું અને 'ફિરોન' ઇજિપ્તના રાજાનું બિરુદ હતું. જેનો અર્થ થાય છે 'સૂર્યનો પુત્ર' અર્થાત્ ફિરોનની હેસિયત માત્ર એક રાજાની નહિ બલ્કે પૂજ્ય વ્યક્તિત્વની હતી. ફિરોને બની ઈસરાઈલને કચડીને રાખવામાં કોઈ કસર નહોતી છોડી. તેમને આર્થિક સ્તરે પાયમાલ કરવાના ઘણાં પગલાં લીધા. બની ઈસરાઈલથી વ્યવસાય કરવાનો અધિકાર પણ ઝુંટી લેવામાં આવ્યો. તેમને પદો પરથી હટાવવામાં આવ્યા. સામાજિક રીતે પણ તેમને કમજોર કરવામાં આવ્યા. રાજનૈતિક સ્તરે ફિરોને તેની પ્રજાને વિવિધ સમૂહોમાં વિભાજિત કરી દીધી હતી. બની ઈસરાઈલ ઇજિપ્તની સૌથી મોટી લઘુમતી હતી પરંતુ તેમને કોઈ મૂળભૂત માનવીય અધિકારો પ્રાપ્ત ન હતા. તેમની સ્થિતિ ગુલામ અને મજુરો જેવી હતી. તેઓ ચારે બાજુથી ફિરોનના નિયંત્રણમાં હતા. બની ઈસરાઈલનો કોઈ વ્યક્તિ કાલે તેની સત્તા અને શાસન માટે પડકાર ન બની જાય તેના માટે ફિરોને ક્રૂર વ્યવસ્થા કરી હતી. તેણે બની ઈસરાઈલના નવજાત પુત્રોની હત્યા કરવા અને છોકરીઓને જીવિત રાખવાની જાહેર ઘોષણા કરી હતી. તેમના પ્રત્યે કિબતી કોમની દુશ્મની અને નિર્દયતાનો અંદાજ કાઢવા એટલું જ પૂરતું છે કે કોઈ વ્યક્તિએ આ ક્રૂરતા પૂર્ણ પગલાંનો વિરોધ નહોતો કર્યો. તેમના હૃદયમાં બની ઈઝરાઈલ માટે એટલી ઘૃણા અને શત્રુતા ભરી દેવામાં આવી હતી કે નિર્દોષ બાળકોની હૃદયદ્રાવક કતલેઆમથી પણ તેમના દિલ નહોતા પીગળ્યાં.

આ શત્રુતાના તાર હજરત યુસુફ અલૈ. સાથે જઈને મળે છે.હજરત યુસુફનો ઇજિપ્ત પહોંચવાનો લાંબો ઘટનાક્રમ છે. વાસ્તવિક રીતે તેઓ પેલેસ્ટિનિયન હતા, અલ્લાહે યુસુફ અલૈ.ને ઇજિપ્તના રાજા બનાવ્યા પછી બની ઈસરાઈલ ત્યાં આવીને વસી ગયા, અને ધીમે ધીમે તેમની સંખ્યા વધવા લાગી. પરંતુ સમય વીતતાં બની ઈસરાઈલમાં દીનથી અંતર વધવા માંડ્યું અને તેમના ચારિત્ર્યની કેટલીક ક્ષતિઓ ઉભરવા લાગી. ત્યારબાદ કિબતી જાતીના લોકોએ તેમના ઉપર વિજય મેળવ્યો. કોઈ પણ વ્યક્તિ પોતાની કોમને એકત્રિત કરવા અને શાસનની ધુરી સુધી પહોંચવા સામાન્ય રીતે એક સમુદાયને દુશ્મન તરીકે ચીતરે છે અને તેમના હૃદયમાં એવો ભય બેસાડવામાં આવે છે કે જો તેમની શક્તિ વધી ગઈ તો તેઓ તમને ગુલામ બનાવી લેશે. તેથી તેમના વિરુદ્ધ ષડયંત્રો ઘડવામાં આવે છે. અને તેમને અધિકારોથી વંચિત કરવામાં આવે છે, કે જેથી કોઈ શક્તિ તેમના માટે પડકાર ન બની જાય. આવું જ કંઈક ઇજિપ્તમાં થયું હશે. અને બની ઈસરાઈલને સત્તાથી વિમુખ કરવા લાંબા ગાળાનું આયોજન કરવામાં આવ્યું હશે. તેથી જ તેમની સંખ્યાને નિયંત્રિત કરવા એક પ્રકારના નરસંહારનો આદેશ આપવામાં આવ્યો હતો.

કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે, ‘‘અમે મૂસા અને ફિરઔનની કેટલીક ઘટનાઓ ઠીક-ઠીક તમને સંભળાવીએ છીએ, એવા લોકોના ફાયદા માટે જેઓ ઈમાન લાવે.હકીકત એમ છે કે ફિરઔને ધરતી ઉપર માથું ઊંચક્યું અને તેના રહેવાસીઓને જૂથોમાં વહેંચી નાખ્યા. તેમાંથી એક જૂથને અપમાનિત કરતો હતો, તેના પુત્રોને કતલ કરતો અને તેની પુત્રીઓને જીવતી રહેવા દેતો હતો. વાસ્તવમાં તે બગાડ પેદા કરનારા લોકોમાંથી હતો.’’ (સૂરઃ અલકસસ ૩-૪)

ભારતનો પોતાનો રાજાશાહીનો લાંબો ઇતિહાસ છે. અહીંની વ્યવસ્થામાં પ્રજાને વિવિધ વર્ણોમાં

વિભાજીત કરવામાં આવી હતી.અને નિમ્ન જાતિના લોકોને સેવક બનાવવામાં આવ્યા હતા. આ મધ્ય એશિયાથી આવેલા આર્યનોની ઠોકી બેસાડેલી વ્યવસ્થા હતી. જેમાં દરેક વ્યક્તિને સમાન અધિકાર નહોતા આપવામાં આવ્યા. હજરત મુહમ્મદ સ.અ.વ.ના આગમન પછી વિશ્વભરમાં ઈસ્લામી જાગૃતિની લહેર આવી. ઈસ્લામના વિશુદ્ધ એકેશ્વરવાદે, પ્રમાણિકતા, ન્યાય અને સમાનતાની શિક્ષા થકી લોકોને પોતાની તરફ આકર્ષિત કર્યા અને સમગ્ર દુનિયામાં એક મજબૂત શક્તિ બની ઉભર્યો. ઈસ્લામ આરબની સીમાઓની બહાર પણ ફેલાવવા માંડ્યો. મુસ્લિમ આરબ વેપારીઓ ધંધા વેપાર માટે ભારત પણ આવ્યા. આપણાં દેશના લોકો તેમના વ્યવહાર, ઈસ્લામની આસ્થા અને સામાજિક વ્યવસ્થાથી ખૂબ પ્રભાવિત થયા અને ઈસ્લામ સ્વીકારવા લાગ્યા. આ જમાનામાં કેટલાક મુસ્લિમ રાજાઓએ ભારત પર પોતાનું શાસન સ્થાપ્યું અને ભારતને પોતાની કર્મભૂમિ બનાવી તેમજ ન્યાયપૂર્વક સત્તાની ધૂરી સંભાળી. આ દરમ્યાન એક વર્ગ હંમેશા એવો રહ્યો જેઓ ભારતમાં આ પરિવર્તનથી પ્રસન્ન ન હતાં કેમકે ધર્મની આડમાં તેમના નિર્ધારિત લાભો ખતરામાં પડી ગયા હતા. પરંતુ કંઈ કરી શકવાની દશામાં ન હોવાથી શાસન સાથે સંબંધ બનાવેલ રાખ્યા. બ્રિટિશરોના આગમન પછી તેમને પોતાનું સ્વપ્ન પૂર્ણ થતું દેખાયું અને મુસ્લિમ રાજાઓની વિરુદ્ધ તેમને આવકાર્યા. મુસ્લિમ સમુદાય અને સામાન્ય ભારતીઓ અંગ્રેજો સામે લડતા રહ્યા પરંતુ આ એલિટ ગ્રુપે (ઉચ્ચ વર્ગ) બ્રિટિશ હકૂમતમાં મોટા મોટા હોદ્દાઓ પર બિરાજમાન થયા. અને પોતાને આર્થિક તથા સામાજિક રીતે મજબુત કરતા રહ્યા. સ્વાભાવિક હતું કે જો ભારત સ્વતંત્ર થાત તો સત્તાની ધુરી મુસલમાનોના હાથમાં આવતી, પરંતુ ઉચ્ચ વર્ગ તે નહોતો ઈચ્છતો. હિન્દુ રાજયની તેમનામાં તીવ્ર ઝંખના હતી. તેથી આઝાદીની ચળવળ સાથે સાથે હિન્દુત્વ વાદી માનસિકતા પણ પ્રબળ થતી રહી. તે સમયની એકમાત્ર પાર્ટી કાંગ્રેસના નેતૃત્વમાં પણ એવા ઘણા લોકો હિન્દુ કોમવાદના પ્રખર હિમાયતી હતા.



તેમાંથી વિખૂટા પડી હિન્દુ રાષ્ટ્રના ઉદ્દેશ્ય સાથે સંઘની સ્થાપના પણ કરવામાં આવી. મુસિલ્મ નેતૃત્વને પણ તેમના સમુદાયના અધિકારોની ચિંતા થઈ અને એક ચળવળ શરૂ થઈ. આ રીતે સ્વતંત્રતા સંગ્રામનું પરિણામ એ આવ્યું કે ભારત આઝાદ થયું પરંતુ બે વિભાજન સાથે. જોકે આ વિભાજન મુસ્લિમ લીગ અને કોંગ્રેસની રાજનૈતિક લડાઈનું પરિણામ હતું પરંતુ આ સમૂહે ખૂબ જ હોશિયારીથી તેને ધર્મના ખાનામાં નાખી દીધું. અને મોટા પાયે આ અપપ્રચાર કર્યો કે મુસલમાનોને તેમનો ભાગ આપી દીધો. હવે નવા ભારતમાં તેમનો કોઈ હક નથી કે તેઓ અહીં રહે. અને જો અહીં રહેવા માંગે છે તો પોતાની મૂળ ઓળખને ભુંસવી પડશે અથવા બહુમતીના નિર્ણયોની કદર કરવી પડશે. બહુમતી સમાજનું એવું બ્રેઈન વોશિગ કરવામાં આવ્યું કે મુસલમાનો દેશના વફાદાર નથી. એવો પ્રોપેગંડા કરવામાં આવ્યો કે દેશની સત્તા પર કબજો જમાવવા પોતાની જનસંખ્યા તેઓ વધારી રહ્યા છે. તેના માટે તેઓ વધુ બાળકો પેદા કરે છે, ચાર ચાર પત્નીઓ રાખે છે, ધર્મપરિવર્તન કરાવે છે, અને હિંદુઓ ભોળપણમાં તેમના ષડયંત્રનો ભોગ બની રહ્યા છે. જો તેમને રોકવામાં ન આવ્યા તો તેઓ ભવિષ્યમાં બહુમતીમાં આવી જશે અને સત્તા કબજે કરશે.

એટલુ જ નહિ પોતાના મનઘડત પ્રોપગંડાને સાચો સિદ્ધ કરવા કુર્આન અને હદીસની વાતોનું પણ ખોટું અર્થઘટન કરવામાં આવ્યું અથવા સંદર્ભથી જુદું કરી રજુ કરવામાં આવ્યું. વિશ્વના જુલ્મી શાસન સામે એકમાત્ર પડકાર ઈસ્લામ હતો. વૈશ્વિક શક્તિઓના ન્યુ વર્લ્ડ ઓર્ડર સામે સૌથી મોટી અડચણ ઈસ્લામ હતો. કેમકે

ઈસ્લામ માત્ર પૂજા પાઠનો ધર્મ ન હોઈ એક સંપૂર્ણ જીવન વ્યવસ્થા છે. જે પોતાની શાનદાર સંસ્કૃતિ અને ભવ્ય સભ્યતા ધરાવે છે. યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ મળીને ઈસ્લામની ઘોર ખોદવા એડીચોટીનું જોર લગાવવું. મધ્ય પૂર્વમાં ષડયંત્રો કરી મુસ્લિમ દેશોને કમજોર કરવામાં આવ્યા, તેમની અંદર વિખવાદ ઉભો કરવામાં આવ્યો અને એવો અપપ્રચાર કરવામાં આવ્યો કે ઈસ્લામને શાંતિ સાથે કોઈ લેવા દેવા નથી. જ્યાં મુસ્લિમ હોય છે તે બીજા ધર્મની વ્યક્તિને સહન કરી શકતી નથી. ઈસ્લામ આતંકવાદ શીખવે છે. કુર્આન કાફિરોની હત્યાનો આદેશ આપે છે વિગેરે. વૈશ્વિક શક્તિઓના આવા નિરાધાર, ભ્રામક અને અપપ્રચારનો પણ ભારતમાં મુસ્લિમોને દુશ્મન તરીકે ચીતરવા ઉપયોગ કરવામાં આવ્યો.

આટલા પર જ ન અટકતાં, ઈતિહાસનું પણ સાંપ્રદાયિકરણ કરવામાં આવ્યું. અને મોગલરાજ હિન્દુ વિરોધી અને જુલમ પર આધારિત હતું તેવી જોરદાર હવા બનાવવામાં આવી. મોગલોએ તલવારના બળે ધર્મપરિવર્તન કરાવડાવ્યું, હિન્દુ સ્ત્રીઓ સાથે બળાત્કાર કર્યા, હિન્દુ મંદિરોને તોડવામાં આવ્યા, આવી સાચી ખોટી અને અર્ધ સત્ય વાતોથી બહુમતીના કાન ભરવામાં આવ્યા. તેમના હૃદયમાં મુસલમાનો પ્રત્યે નફરત પેદા થાય તેવું વાતાવરણમાં ઝેર ઘોળવામાં આવ્યું. દેશમાં જો મુસલમાનો મજબૂત બની ગયા તો હિન્દુ ધર્મ ખતમ થઈ જશે અને જો તેઓ સત્તા પર આવી ગયા તો આપણું ગૌરવ હણાઈ જશે.

આ હિન્દુત્વવાદી વર્ગ જે પ્રકારની વિભાજનકારી વ્યવસ્થા સ્થાપિત કરવા માગે છે, તે હિન્દુઓના એક થયા વગર શક્ય નથી. અને આ વૈજ્ઞાનિક યુગમાં તેનો પુનરુત્થાન સરળ નથી. હિન્દુઓને એક પ્લેટફોર્મ પર લાવવા તેમનામાં અસુરક્ષા અને ભયનો માહોલ બનાવવો જરૂરી હતો. તેના માટે મુસ્લિમોને દુશ્મન ચિતરવામાં આવ્યા. દેશમાં ધ્રુવીકરણ માટે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવ્યું અને કાવતરા ઘડવામાં આવ્યા. હવે, દેખીતી રીતે આ

**મુસલમાનોની જવાબદારી છે કે તેઓ ખાડામાં જતા દેશવાસીઓને જાગૃત કરે. પોતાના વાણી વ્યવહારથી ઇસ્લામની સાચી તસવીર રજુ કરે. વધુને વધુ દેશબંધવો સાથે સંપર્ક બનાવી તેમના માનસમાં રહેલી ભ્રમણાઓને દુર કરે. જુલ્મ સામેની લડાઇ સબ્ર-ધીરજ અને હિકમત સાથે લડે. એવી પ્રતિક્રિયા ન આપે કે જેથી વાતાવરણ વધુ કોમવાદી અને હિંસક બને. કુર્આનની આ નસીહત હંમેશા યાદ રાખવી જોઈએ કે, "નિઃસંદેહ તંગીની સાથે વિપુલતા અને સમૃદ્ધિ પણ છે."**

વર્ગ સફળ થયો છે. હવે એક મોટો વર્ગ મુસલમાનો વિરુદ્ધ થતા અત્યાચારનો પણ આનંદ લે છે.


હવે મુસલમાનોને માનસિક રીતે તોડવાનું કાર્ય જોરશોરથી ચાલે છે. દુર્ભાગ્યવશ દેશનો માહોલ એવો બની રહ્યો છે કે જે મુસ્લિમ વિરુદ્ધ બોલે તે નેતા બની જાય છે. મુસલમાનોની લાગણીને દુભવવામાં આવી રહી છે કે જેથી તેઓ કોઈ પ્રતિક્રિયા આપે અને અત્યાર સુધી કરેલા ખોટા પ્રચારને સાચો સાબિત કરી તેમના ઉપર વધુ જુલમ કરી શકાય. એક સેક્યુલર વર્ગ અને ધર્મપ્રિય વર્ગ પણ છે જે દેશમાં બની રહેલી કોમવાદી ઘટનાઓથી ચિંતિત છે, પરંતુ સત્તાના તેવર જોઈ તેમાંનોય મોટો વર્ગ મુક પ્રેક્ષક બની ગયો છે. કોમવાદના રથ પર સવાર થઈ સત્તા હસ્તગત કરી છે તેથી હવે સત્તાને ટકાવી રાખવા અને વધુ પ્રબળ બનાવવા મુસલમાનોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. મુસલમાનોની જવાબદારી છે કે તેઓ ખાડામાં જતા દેશવાસીઓને જાગૃત કરે. પોતાના વાણી વ્યવહારથી ઈસ્લામની સાચી તસવીર રજુ કરે. વધુને વધુ દેશબંધવો સાથે સંપર્ક બનાવી તેમના માનસમાં રહેલી ભ્રમણાઓને દુર કરે. જુલ્મ સામેની લડાઈ સબ્ર-ધીરજ અને હિકમત સાથે લડે. એવી પ્રતિક્રિયા ન આપે કે જેથી વાતાવરણ વધુ કોમવાદી અને હિંસક બને. કુર્આનની આ નસીહત હંમેશા યાદ રાખવી જોઈએ કે, "નિઃસંદેહ તંગીની સાથે વિપુલતા અને સમૃદ્ધિ પણ છે." (કુર્આન, ૯૪:૬)

—●—


**Prince Fabrication**

PF

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

**શિબ્લી અરસલાન** *લેખ રજૂઆતઃ મુહમ્મદ અમીન શેઠ (મોડાસા)*

## હઝરત મુહમ્મદ ﷺ માનવતાના ઉપકારક

# ઈર્ષાના કંટકો વચ્ચે પ્રેમના પુષ્પ

છેવટે મુસલમાનો પૈગમ્બર મુહમ્મદ ﷺ થી આટલો બધો પ્રેમ કેમ કરે છે? પૈગમ્બર મુહમ્મદ ﷺના જીવનચરિત્રમાં એવી કઈ ખાસ વાત છે કે સમગ્ર વિશ્વના મુસલમાનો આટલી હદે ચાહે છે મુહમ્મદ ﷺ ને! શું કારણ છે કે મુહમ્મદ ﷺના જરા પણ અપમાનજનક વાત તેમને સ્વીકાર્ય નથી? આ એ પ્રશ્નો છે જે આજકાલ તમામ સકારાત્મક માનસિકતા ધરાવતા લોકોના મનમાં ઊભા થતા



હશે. મુસલમાનોની પણ એ જવાબદારી છે કે તેઓ ઉત્તેજના, આવેશ અને પ્રતિક્રિયાથી હટીને આ પ્રશ્નોના જવાબ આપે. પ્રશ્ન એ પણ ઉપસ્થિત થઈ રહ્યો છે કે પયગંબર ﷺથી મુહબ્બતના નામ પર ધમાલ અને તમાશા જાઈજ છે? પ્રેમ હોય તો દુઃખ અને દર્દ તો સમજમાં આવે છે. પરંતુ ઉત્તેજના, ઉશ્કેરાટ અને બૂમબરાડા સમજમાં નથી આવતા... અને પ્રેમ એ હસ્તિથી કરવાનો દાવો કરાતો હોય જેમના વ્યક્તિત્વમાં તો ભારોભાર નરમાશ, સહિષ્ણુતા અને દરગુજરની સાથે દયા ને સમભાવ સર્વોપરિ હતા. જેમના વ્યક્તિત્વ સાથે ઉત્તેજના કે ઉશ્કેરાટને તો કોઈ મેળ ખાતો જ નથી. તો પછી ઉલઝન અને વિડંબના વધી જાય છે... લાગણીમય નારાબાજી અને ઉશ્કેરાટથી કંઈ પણ પ્રાપ્ત થતું નથી. સાધારણ જ્ઞાન ધરાવતો બિનમુસ્લિમ એ સમજી શકતો નથી કે અરબસ્તાનમાં પેદા થનારા મુહમ્મદ ﷺથી ભારતીય મુસલમાનોને આટલો બધો લગાવ ને પ્રેમ કેમ છે? જેથી તેઓ આ વિરોધપ્રદર્શનોને સાંપ્રદાયિક દુષ્કૃત્ય અને નફરત સમજે છે અથવા આ બહાને મુસલમાનો હિન્દુઓ પર ચડી જવા માંગે છે એમ માને છે.

બીજી તરફ ઈસ્લામ વિરોધીઓ તેમને એ સમજાવવામાં સફળ થઈ જાય છે કે જુઓ, સંખ્યાબળ અને અરબોના ધનબળના જોરે મુસલમાનો ભારતને દબાવી રહ્યા છે અને ભારતના મુસલમાનો દેખાવો કરીને ખુશીઓ મનાવી રહ્યા છે.

કરોડો લોકોના દિલમાં હઝરત મુહમ્મદ ﷺ માટે અગાધ પ્રેમ અને પ્રાણ ન્યોછાવર કરવાની ભાવના પૈગમ્બર માટે ઈશ્વરનું વરદાન અને ઈનામ છે. હઝરત મુહમ્મદ ﷺ નું વ્યક્તિત્વ એવું છે કે ખુદા પણ આપનાથી ખૂબ પ્રેમ કરે છે. તેમના ઉપર સલામ પાઠવે છે. અંતિમ ઈશ્વરીય દૂત હઝરત મુહમ્મદ ﷺના વ્યક્તિત્વની ત્રણ વાતો એટલી આકર્ષક છે જે માનવ ઈતિહાસમાં આપને વિશિષ્ટ સ્થાન અને ગૌરવ અપાવે છે અને આપણા હૃદયમાં તેમની મુહબ્બતને સ્થાપિત કરી દે છે.

**પ્રથમઃ** માનવ સમાનતા અને માનવ ગૌરવ (human dignity) માટે આપના જીવનપર્યંત પ્રયાસ અને તેમાં મળેલી અદ્‌ભૂત સફળતા, અરબજગતમાં સદીઓથી ચાલી આવતી ગુલામીની પ્રથાનો અંશત ખાતમો અને દબાયેલા કચડાયેલા વર્ગોને માનવ પ્રતિષ્ઠા અને સમાનતાના સ્થાને પ્રસ્થાપિત કરી દેવા. માનવ ઈતિહાસની અસાધારણ ઘટનાઓ છે. આ એક કડવું સત્ય છે કે જ્યારે પૈગમ્બરનું આ દુનિયામાં આગમન થયું ત્યારે ગુલામી પ્રથા પ્રચલિત હતી. શક્તિશાળી સમૂહો જેના ઉપર ધારતા તેના ઉપર આક્રમણ કરી દેતા હતા. અને તેમને ગુલામ બનાવી દેતા હતા. રોમ, ગ્રીસ અને ઈરાન જેવા સામ્રાજ્યોમાં લાખો ગુલામ દુઃખ અને પીડા સાથે જીવન

વ્યતીત કરી રહ્યા હતા. કોઈને કોઈની પરવા ન હતી. આરબ દેશોમાં પણ તેમની હાલત પશુઓ કરતાં વધારે બદતર હતી. આરબો ગુલામો સાથે સતત અપમાન અને જુલ્મનો વ્યવહાર કરતા હતા. આરબો ગુલામો સાથે સતત અપમાન અને જુલ્મનો વ્યવહાર કરતા હતા. સમાજમાં તેમનું જાણે કોઈ સ્થાન જ ન હતું. નાગરિક અધિકારનું તો અસ્તિત્વ જ ન હતું. માલિક ગુલામને મારી નાંખતો તો પણ પૂછનાર કોઈ ન હતું. કેમકે તેને સ્વામીની સંપત્તિ માનવામાં આવતી હતી જેમ ઇચ્છે તેમ કરે. તે વખતે કોઈ કાયદો જ ન હતો કે જે તેમની રક્ષા કરતો.

માનવ ઉપકારક હઝરત મુહમ્મદ ﷺ એ માનવતાને જે હાથકડીઓથી બચાવી તેમાં ગુલામી પ્રથા સર્વોપરી હતી. આપ ﷺ એ ગુલામોને તેમના માલિકના સમકક્ષ બનાવી દીધા. માલિકને કહેવામાં આવ્યું કે જેમ તમે રહો છો તેમ તેમને પણ રાખો. જે તમે ખાઓ છો તે જ ખવડાવો. જે પહેરો છે તે જ પહેરાવો અને લગ્નની અનુકૂળતા ઊભી કરો... પરિણામે થોડા જ સમયમાં આ ગુલામ પ્રથા નામશેષ થઈ ગઈ.

**દ્વિતીય:** આરબ અને બિનઆરબના ભેદ મિટાવી દેવામાં આવ્યા. માનવતાને સમાનતાનો સંદેશ આપીને જીવનનું રહસ્ય અને સૌંદર્ય સમજાવ્યું. એકેશ્વરવાદની અવધારણાને એવા દાર્શનિક સૌંદર્ય સાથે રજૂ કર્યું અને અમલીકરણ કરી બતાવ્યું કે તમામ વંશીય અને ભૌગોલિક અંતરો તોડી નાંખીને લોકો વિશ્વના ચારેકોરથી ઈસ્લામ તરફ દોડી આવ્યા. "કહ્યું: લોકો! તમારો રબ એક છે અને તમારો બાપ (અર્થાત્ આદમ અલૈ.) પણ એક જ છે. નિઃશંક કોઈ અરબને બિનઅરબ ઉપર અને કોઈ બિનઅરબને અરબ ઉપર કોઈ જ શ્રેષ્ઠતા નથી. ન કોઈ ગોરા કાળાથી શ્રેષ્ઠ છે કે કોઈ કાળો કોઈ ગોરાથી. જો શ્રેષ્ઠતા છે તો માત્ર તકવા અને ઈશભયના આધાર પર... કે અલ્લાહની નજરમાં કોણ શ્રેષ્ઠ છે." આ ઘોષણા એટલા મોટા પાયે વિસ્તારથી કરવામાં આવી કે યુદ્ધખોર અને એકમેકના લોહીતરસ્યા લોકો મુહબ્બત અને દયાના પ્રતીક બની ગયા. એક કબીલાનું ઊંટ બીજા કબીલાના ગૌચરમાં જતું રહેવા માત્રથી ભયાનક રીતે લડી પડતી ઉગ્ર અને ઝઘડાળુ આરબ કૌમને ઈસ્લામના પયગંબરે આત્મસંયમ અને આત્મસન્માનની એવી શિક્ષા આપી અને એટલી હદે શિસ્તબદ્ધ બનાવી દીધા કે તેઓ અનિવાર્ય યુદ્ધમાં પણ સંયમ દાખવતા અને નમાઝ પઢતા થઈ ગયા.

**"સલામ ઉસપર કે જિસને**
**ઝિંદગીકા રાઝ સમઝાયા"**

**તૃતીય:** અલ્લાહના અંતિમ પયગંબર ﷺ માનવ સંસ્કાર અને નૈતિકગુણોના શીર્ષાસન પર દેખાય છે. આપની સચ્ચાઈ, પ્રમાણિકતા, ચારિત્ર્યની પવિત્રતા અને ન્યાય ને ક્ષમા તેમજ સ્વભાવ નરમાશને તો આપના સખત વિરોધઓ પણ ખુલ્લા મનથી સ્વીકારીને વખાણે છે. હઝરત મુહમ્મદ ﷺ ના જીવનચરિત્રનું આલેખન કરનાર પ્રોફેસર કે.એસ. રામાકૃષ્ણારાવના શબ્દોમાં, "ઐતિહાસિક દસ્તાવેજો સાક્ષી છે કે, શું મિત્ર - શું શત્રુ - હઝરત મુહમ્મદ ﷺના તમામ સમકાલીન લોકોએ તમામ મામલાઓ અને તમામ ક્ષેત્રોમાં ઈસ્લામના પયગંબરના ઉત્કૃષ્ટ ગુણો, આપની નિષ્કલંક પ્રમાણિકતા, આપના સર્વશ્રેષ્ઠ નૈતિક ગુણો અને આપની કપટ રહિત રાજનીતિ અને તમામ પ્રકારની શંકાઓથી મુક્ત આપની વિશ્વસનીયતાનો ન માત્ર સ્વીકાર કર્યો છે બલ્કે પ્રશંસા પણ કરી છે. ત્યાં સુધી કે યહૂદીઓ અને અન્ય બીજા લોકો જેમને આપના સંદેશ પર વિશ્વાસ ન હતો, પોતાના પરસ્પરના ઝઘડાઓ અને વિવાદોના ઉકેલ માટે આપના પાસે રજૂ થતા અને આપને મધ્યસ્થી બનાવતા. કેમકે તેમને આપની નિષ્પક્ષતા ઉપર સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા હતી. જે લોકો આપના સંદેશ પર વિશ્વાસ ન હોતા ધરાવતા તેઓ પણ એમ કહેવા વિવશ હતા કે, હે મુહમ્મદ! અમે તમને જુદા નથી કહેતા, બલ્કે તેનો ઇન્કાર કરીએ છીએ જેણે તમને ગ્રંથ (કુર્આન) આપ્યો છે અને તમને રસૂલ બનાવ્યો છે." (Mohammad: The Prophet of Islam)

આપના ચારિત્ર્ય પર આવા ઘૃણાસ્પદ આરોપો તો આજના આ નાદાન શત્રુઓ લગાવે છે જેમને આ મહાન અસ્તિત્વના ચારિત્ર્યની કોઈ જાણ જ નથી... નહીંતર આવા આરોપો તો આરબના પ્રખર દુશ્મનો સરદારોએ પણ ક્યારેય નથી લગાવ્યા...

**નામ-એ-નબીસે જલને વાલે**
**આજ ભી હૈં ઔર કલ ભી થે**
**નામ-એ-નબીકા ઝંડા ઊંચા**
**કલ ભી થા ઔર આ જ ભી હૈ**

—●—




હરસ
મસા
ભગંદર
આધુનિક પદ્ધતિથી નિદાન-ઓપરેશન
રેડીયો-સર્જરી, વીડીયોરેક્ટોસ્કોપ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ.સાદીક કાઝી (M.B.B.S., M.S.)
પેશન્ટ હાઉસ, ખમાસા, અમદાવાદ
8264004142, 65459513
પેશન્ટ હાઉસ નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અમદાવાદ
82640 04142, 90330 59513

મુ. ઉમર વહોરા

# અગ્નિવીર : અગન કસોટીઃ

# ભારતીય સૈન્ય, સરકાર અને યુવાનોની..

અગ્નિપથ સ્કીમ કેસમાં તેની જાહેરાત થતાં જ જે ઝડપે યુવાનોમાં પ્રતિકાર ફેલાયો , યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા અને મોટા પાયે હિંસા શરૂ થઈ, તે સાચે જ યુવાનોનો સ્વયંભૂ આક્રોશ દર્શાવે છે. આમાં સોશિયલ મીડિયાનો મોટો અને નકારાત્મક રોલ, સરકાર તથા ગોદી મીડિયાને ભલે દેખાતો હોય અને કાવતરાની થિયરી પણ ભલે ચગાવાતી હોય, યુવાનોની ધીરજ ખૂટી ગયાનો આ સ્પષ્ટ પ્રતિભાવ જણાઈ રહ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા સેનામાં હંગામી સૈનિકોની ભરતી માટે તાજેતરમાં લાગુ કરાયેલી 'અગ્નિપથ યોજના' સામે બિહાર સહિત દેશના સાત રાજ્યોમાં જે રીતે હિંસક વિરોધ ચાલી રહ્યો છે, તે જોતાં સવાલો ઊઠવા લાગ્યા છે કે શું આનું ભાવિ પણ કૃષિ સુધારા કાનૂન જેવું જ હશે? તેનું એક મોટું કારણ એ છે કે યોજનાના વિરોધના પહેલા જ દિવસે સરકાર બેકફૂટ પર ગઈ અને અગ્નિવીર ભરતીની મહત્તમ વય મર્યાદા ૨૧ થી વધારીને ૨૩ વર્ષ કરી દીધી.જો કે, આ માત્ર એક વર્ષ માટે જ કરવામાં આવ્યું છે.તેની પાછળનો તર્ક એ હતો કે કોરોનાના સમયગાળા દરમિયાન સેનાભરતી કરવામાં અસમર્થતાને કારણે આવું કરવામાં આવ્યું છે. પરંતુ આ જોગવાઈ સ્કીમ લાવતી વખતે જ થવી જોઈતી હતી.બે વર્ષથી સેનામાં કોઈ ભરતી થઈ નથી, આ વાત સરકારને પહેલેથી જ ખબર હતી. જો યુવાનોનું આ હિંસક પ્રદર્શન (જે પ્રાયોજિત હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે) આમ જ ચાલુ રહેશે તો શક્ય છે કે યોજનામાં વધુ સુધારાઓ થઈ શકે. જો કે, સરકાર હજુ કોઈ સમાધાન કરવાના મૂડમાં હોય તેમ બિલકુલ જણાતું નથી. કારણ કે વધુ ફેરફારનો અર્થ યોજનાની સીધી ભ્રૂણહત્યા હશે.

બીજી તરફ પ્રચંડ દેખાવો પર ઊતરેલા યુવાનોને મનાવવાના કોઈ નક્કર પ્રયાસો જણાતા નથી. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટ્વીટ કર્યું કે અગ્નિવીર તરીકે આર્મીની નોકરી એ ''મા ભારતીની સેવા કરવાની અપ્રતિમ તક'' છે. પરંતુ જવાબી પ્રશ્ન એ હતો કે મા ભારતીની સેવા કરવાની તક માત્ર ચાર વર્ષ માટે જ શા માટે, ૧૭ વર્ષ સુધી કેમ નહીં?




અલબત્ત, અગ્નિપથ યોજના સરકારની એક મહત્વકાંક્ષી યોજના છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે વરિષ્ઠ સૈન્ય અધિકારીઓએ ઘણી મહેનત અને વિચાર કરીને તેને તૈયાર કરી છે. આ વર્ષે આ યોજના હેઠળ ૪૬ હજાર અગ્નિવીરોની ભરતી થવાની છે.સેનાને વધુ યુવા અને સક્ષમ બનાવવાના અભિયાનનો આ એક મહત્વપૂર્ણ ભાગ છે. તે સાથે જ સેનાના અન્ય ઘણા ખર્ચ

તે બચાવે છે અને તેને વધુ આધુનિક અને સ્માર્ટ બનાવવા આ જરૂરી અને સમયસર છે. આ યોજના હેઠળ સૈન્યની ત્રણેય પાંખોમાં, સૈન્ય સ્તરે માત્ર અગ્નિવીરોની જ ભરતી કરવામાં આવશે. ભરતી માટે લઘુત્તમ વય સાડા સત્તર ૧૭ ૧/૨ વર્ષ છે અને શૈક્ષણિક લાયકાત ૧૦મું પાસ છે.

અગ્નિપથ એ દેશવ્યાપી ટૂંકા ગાળાની યુવા ભરતી યોજના છે. પ્રથમ ભરતી પ્રક્રિયામાં યુવાનોને છ મહિનાની તાલીમ આપવામાં આવશે. આ સમયગાળામાં કુલ ચાર વર્ષની સેવાનો સમાવેશ થશે. ભરતીના પ્રથમ વર્ષમાં દરેક અગ્નિવીરને ૩૦ હજાર રૂપિયા. માસિક પગાર આપવામાં આવશે. તેમાંથી રૂ.૨૧ હજાર તેને પગાર તરીકે મળશે અને બાકીના ૯ હજાર રૂપિયા અગ્નિવીર કોર્પ્સ ફંડમાં જમા કરવામાં આવશે. જેમાં સરકાર પણ આટલી જ રકમ મૂકશે.

અગ્નિવીરનો પગાર બીજા વર્ષે ૩૩ હજાર, ત્રીજા વર્ષે ૩૬.૫ હજાર અને ચોથા વર્ષે ૪૦ હજાર રૂપિયા થઈ જશે. ફંડની રકમ અને વ્યાજ તરીકે ૧૧.૭૧ લાખ જમા થશે. જે તે નોકરીમાંથી બહાર નીકળશે ત્યારે તેને મળશે. આ સાથે, સેવા દરમિયાન શહીદ અથવા અપંગતાના કિસ્સામાં પણ પૂરતી આર્થિક મદદ મળશે.

શહીદના પરિવારને સર્વિસ ફંડ સહિત એક કરોડથી વધુની રકમ વ્યાજ સહિત આપવામાં આવશે. આ સાથે બાકીના સર્વિસ પિરિયડનો પગાર પણ આપવામાં આવશે. કુલ અગ્નિવીરોના એક ચતુર્થાંશને એટલે કે ૨૫ ટકાને તેમના સારા રેકોર્ડના આધારે આર્મીમાં કાયમી નોકરી આપવામાં આવશે.

પહેલી નજરે તો આ સ્કીમ આકર્ષક લાગે છે, કારણ કે આજકાલ ૧૦ પાસ માટે ૩૦ હજારની નોકરી મેળવવી ઘણી મુશ્કેલ બલકે અશક્ય લાગે છે. ભરતી થયેલા યુવાનો લશ્કરી શિસ્ત,શસ્ત્ર ઉપયોગી અને માર્શલ આર્ટની તાલીમ લેશે. નોકરીમાંથી છૂટ્યા બાદ તેઓ અન્ય સેવાઓમાં પણ જઈ શકશે. સરકારે ખાતરી આપી છે કે કેન્દ્રીય સશસ્ત્ર દળો અને પોલીસ વગેરેની નોકરીઓમાં નિવૃત્ત અગ્નિવીરને પ્રાથમિકતા મળશે.

હાલમાં સેનામાં સૈનિકની કાયમી નોકરી પણ સાડા સત્તર ૧૭ ૧/૨ વર્ષની છે. પરંતુ તેને આજીવન પેન્શન તેમજ અન્ય તમામ સુવિધાઓ મળતી રહે છે. આ યોજના આટલી સારી દેખાતી હોવા છતાં યુવાનો શા માટે તેનો વિરોધ કરી રહ્યા છે, તે મોટો પ્રશ્ન છે અને સમજવો જરૂરી છે.

તેનું સૌથી હિંસક સ્વરૂપ બિહારમાં જોવા મળી રહ્યું છે. ટ્રેનોને આગ લગાડવામાં આવી રહી છે. કોઈ કોઈનું સાંભળતું જ નથી. યાદ રહે કે આ વર્ષે જાન્યુઆરીમાં પણ બિહાર અને યુપીમાં રેલ્વેમાં સરકારી નોકરી માટે ઇચ્છુક યુવાનોએ હિંસક પ્રદર્શન કર્યું હતું.

જ્યાં પ્રદર્શનો થઈ રહ્યા છે, આ મોટે ભાગે એવા રાજ્યો છે, જ્યાં સેનામાં સૌથી વધુ ભરતી થાય છે, જ્યાં અન્ય રોજગારીની તકો ઓછી છે અને જ્યાં સેનાની નોકરી એ દેશની સેવાની સાથે ચોક્કસ નોકરીની ગેરંટી પણ છે, જેમાં માનસિક શાંતિ છે અને તે સામાજિક પ્રતિષ્ઠા પણ આપે છે. આવા રાજ્યોના યુવાનોનો એક જ પ્રશ્ન છે કે ચાર વર્ષ પછી શું?

શું તે તેની યુવાની આ રીતે રસ્તા પર કાઢશે? જો તેઓ સેના અથવા અન્ય સશસ્ત્ર દળોમાં જોડાઈ ન શકે તો તેઓ શું કરશે? કેટલાક મિલિટરી પ્રશિક્ષિત યુવાનો ખોટા રસ્તે ચડી જાય તેવી દહેશત છે. જેમના લગ્ન ચાર વર્ષની સેવા દરમિયાન થાય છે, તેમની પારિવારિક જવાબદારીઓ પણ વધશે. તેઓએ નવેસરથી જીવનની શરૂઆત કરવી પડશે. જો આવું જ ભવિષ્ય હોય તો તેણે અગ્નિવીર શા માટે બનવું જોઈએ?

અલબત્ત, સરકારની આ યોજના ફરજિયાત લશ્કરી સેવા નથી. જે સ્વીકારે છે, તે જ અગ્નિવીર બને છે. તેની સામે અન્ય વિકલ્પો પણ ખુલ્લા છે. પરંતુ જે સેવાની શરતો સાથે અસંમત છે તેને શું પ્રદર્શન કરવાનો કોઈ અધિકાર નથી? આંદોલનકારી યુવાનોનું કહેવું છે કે અગ્નિપથ યોજનાની સેવા શરતો 'તેમના રોજગારના અધિકારનું ઉલ્લંઘન' છે.

કામ કરવાનો અધિકાર એ ભારતીય બંધારણમાં કોઈપણ નાગરિકનો મૂળભૂત અધિકાર છે. આવી સ્થિતિમાં અગ્નિપથ યોજના પર ઊભો થયેલો વિવાદ કદાચ કોર્ટમાં પણ જઈ શકે છે.

મહત્વનો પ્રશ્ન એ પણ છે કે યુવાનો સરકારી નોકરીઓ પ્રત્યે આટલા સંવેદનશીલ કેમ છે? તે તેમના માટે જીવન-મરણનો પ્રશ્ન કેમ બની જાય છે? જ્યારે દેશની કુલ વસ્તીના માત્ર ૪ ટકા લોકોને જ સરકારી અથવા જાહેર ક્ષેત્રમાં નોકરી મળે છે તો તેનું એક જ કારણ છે કે સરકારી નોકરી સૌથી વધુ સુરક્ષિત છે.

સામાન્ય રીતે બિહાર અને યુપીમાં યુવાનો મોટા પાયે સેના અને અન્ય સરકારી નોકરીઓની ભરતી પરીક્ષા પાસ કરવા માટે કોચિંગ લે છે. ભૂતકાળમાં રેલવે ભરતીમાં કથિત હેરાફેરી સામે થયેલા હિંસક વિરોધ પાછળ કોચિંગ માફિયાને પણ એક કારણ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. દરેક સ્પર્ધાત્મક પરીક્ષા અને તેના ફેબ્રિક સાથે તેના પોતાના નાણાકીય હિતો પણ જોડાયેલા હોય છે. આમાં કોઈપણ

ફેરફાર કોચિંગ માફિયાના હિતોને અસર કરે છે,તેવો પણ આક્ષેપ છે.

તેનો અર્થ એવો પણ નથી કે યુવાનોના અવાજને નકારવામાં આવે. તેમનો વિરોધ અને માંગ વાજબી હોઈ શકે છે, પરંતુ જાહેર સંપત્તિમાં તોડફોડ કરીને, પથ્થરમારો કરીને અને તોડફોડ કરીને તેમના ગુસ્સાને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ તદ્દન અસ્વીકાર્ય છે.

વિપક્ષો સોશિયલ મીડિયા માં ચમકારો કરી બેસી રહ્યા છે.રાહુલ ગાંધી આને પણ કૃષિ કાનૂનની જેમ સરકારને પરત લેવાની ફરજ પડશે તેમ છાતી ઠોકીને કહી રહ્યા છે.પરંતુ સરકાર ઉપર કોઈ સીધું દબાણ ઊભું કરી શક્યા નથી તે નોંધવું રહ્યું.

એક મહત્વપૂર્ણ પ્રશ્ન એ પણ છે કે સેનામાં જ 'અગ્નિવીર' સાથે કેવી રીતે વ્યવહાર કરવામાં આવશે? શું તે સેકન્ડ ક્લાસ સૈનિક હશે કે પછી તેને પૂર્ણ-સમયના સૈનિક તરીકે સમાન જવાબદારીઓ અને તકો મળશે? લશ્કર તેમના પર કેટલો વિશ્વાસ કરશે? તેમને ગુપ્ત કામગીરીમાં સામેલ કરવામાં આવશે કે નહીં? આટલા ટૂંકા ગાળામાં અગ્નિવીર પોતાને સેનાના પાત્રમાં કેટલો ઢાળી શકશે? કે પછી તેનું પદ 'હોમ ગાર્ડ' જેવું જ રહેશે? તેના જવાબો મળવાના હજુ બાકી છે.

કેટલાક ઔદ્યોગિક ગૃહો ખાસ કરીને મહિન્દ્રા અને ટાટા ગ્રુપ આ અગ્નિ વીરોને સમાવી લેશે તેવી સાંત્વના આપી રહ્યા છે પરંતુ તેની સામે સવાલ આ થઈ રહ્યો છે કે જો તેઓ આ બાબતે ગંભીર હોય તો કેટલા સૈનિકોને આ રીતે રોજગારી આપી છે? આ ફક્ત સરકારના દબાણ વશ આપેલ નિવેદનો જણાઈ રહ્યા છે.

જો કે, આ યોજનાના સમર્થકોનું કહેવું છે કે આજે ભારતના વૈશ્વિક અને ભૌગોલિક-રાજકીય પડકારોને ધ્યાનમાં રાખીને, પ્રથમ જરૂરિયાત ભારતીય સેનાને યુવાન બનાવવાની છે. હવે મોટી સંખ્યાને બદલે નાની પણ કાર્યક્ષમ અને ટેકનિકલી કાર્યદક્ષ સેનાની જરૂરિયાત વધુ છે. 'અગ્નિવીર' એ દિશામાં એક મોટું અને સમયસરનું પગલું છે તેમ સરકારનો મક્કમ મત છે.

ભવિષ્યમાં જેઓ સેનાની અપેક્ષા મુજબ નહીં હોય તેમને બહારનો રસ્તો બતાવવો સરળ બનશે. કારણ કે સેના એ દેશની સેવાનું માધ્યમ છે અને કાયમી નોકરીની ગેરંટી નથી. હવે સામસામે લડવાને બદલે ટેક્નોલોજી પર યુદ્ધ લડાઈ રહ્યા છે. આપણે એ પ્રમાણે ભારતીય સેના બનાવવાની છે. જો કે આ સમગ્ર યોજના અંગે સેનામાં પણ બે પ્રકારના મંતવ્યો છે.

જ્યારે એક વર્ગ તેને ભારતીય સૈન્યની કાર્યશૈલી અને ક્ષમતામાં તાત્કાલિક પરિવર્તનના સંકેત તરીકે જુએ છે, તો બીજો વર્ગ તેને લશ્કરના મૂળભૂત માળખા અને ફેબ્રિક સાથે ખતરનાક છેડખાની તરીકે જુએ છે, જેના ઘણા વિપરીત પરિણામો પણ આવી શકે છે.

'અગ્નિપથ' પર પણ રાજનીતિ થઈ રહી છે. વિપક્ષે મોદી સરકારના ઈરાદા પર સવાલ ઉઠાવ્યા છે અને કહ્યું છે કે ખર્ચ ઘટાડવાનું લક્ષ્ય માત્ર સેના જ કેમ છે? પ્રશ્નો ઘણા છે. પરંતુ હાલમાં તો અગ્નિપથ યોજનાનો માર્ગ શરૂઆતમાં જ ગૂંચવાતો જણાય છે. આ યોજના ભારતીય સેનાને કેટલી કાર્યક્ષમ બનાવશે તે તો ચાર વર્ષ પછી જ ખબર પડશે.

જો કે યોજનાની ખામીઓ વિશે ચર્ચા કરી શકાય છે, પરંતુ તેના વિરોધમાં હિંસા ટાળવી રહી. કૃષિ કાયદાઓની જેમ, સરકાર માટે બોધપાઠ એ છે કે આવી કોઈ પણ મહત્વાકાંક્ષી યોજનાને અમલમાં મૂકતા પહેલાં, વ્યાપક લોક અભિપ્રાય અને સમયસર શંકાઓને દૂર કરવી જરૂરી છે.

શીખ સમુદાય સિવાય લઘુમતીની અને ખાસ કરીને મુસલમાનોની સંખ્યા આમ પણ સૈન્યમાં ત્રણેય પાંખોમાં ઘણી જ ઓછી છે અને હવે આ નવી ભરતીમાં પણ તેમની ટકાવારી તેમની વસ્તીની સંખ્યાની સાપેક્ષે ઘણી જ ઓછી હશે, તેમાં કોઈ શંકા નથી.

એક શંકા વ્યાપક પણે સમાજમાં તથા બુદ્ધિજીવીઓમાં ચર્ચાઈ રહી છે તે આ છે કે, આ અગ્નિવીર ચાર વર્ષ પછી ૭૫% પરત આવશે તે કરશે શું? વ્યાપક અધિકૃત સૈન્ય તાલીમ મેળવ્યા બાદ બેરોજગારીના લીધે શું તેઓ અસામાજિક પ્રવૃત્તિઓમાં નહીં લાગી જાય? આરએસએસ,ભાજપ અને આ સરકારનો ઈતિહાસ જોતાં તેઓ આનો દુરુપયોગ લઘુમતી, ખાસ કરીને મુસ્લિમોના સામૂહિક નરસંહારમાં તો નહીં કરે તેની શું ખાત્રી?પ્રવર્તમાન સામાજિકધ્રુવીકરણની પરિસ્થિતિ જોતાં આ બધા સવાલો ઘણા જ મહત્વના છે અને તેની ગંભીર નોંધ લેવી રહી...

લેખકઃ નિવૃત્ત મુખ્ય ઈજનેર ગેટકો
૯૯૨૫૨૧૨૪૫૩
mgvgetco@yahoo.co.in

—•—

**Eye Guard Opticals**

Irfan Saiyad Mo.: 98252 84358





We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

એક સંશોધનાત્મક લેખ

# ઉમ્મૂલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા રદિઅલ્લાહુ અન્હાથી પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ-સલ્લમના નિકાહ (લગ્ન)ને લઈને કરવામાં આવતા વાંધાનો તાર્કિક જવાબ

**મૂળ લેખક : મુહમ્મદ નો'માન મક્કી (કિંગ અબ્દુલ્લાહ મેડિકલ સિટી, મક્કા મુકર્રમા)**
**(અનુવાદ અને પ્રસ્તુતકર્તા : મુહમ્મદ જમાલ પટીવાલા, મોડાસા)**

શું ઉમ્મૂલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા રદિઅલ્લાહુ અન્હાના નિકાહ (લગ્ન) પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ-સલ્લમ સાથે બાલ્યાવસ્થા કે સગીરાવસ્થામાં થયા હતા ?

ઈસ્લામ-વિરોધીઓ, વિશેષરૂપે પશ્ચિમી દેશોના લોકો આ વાતને લઈને પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ની શાનમાં ધૃષ્ટતા આચરતા જોવા મળે છે અને આપની પ્રતિષ્ઠાને લાંછન લગાવવાનો અને હાનિ પહોંચાડવાઓ ઘૃણિત પ્રયાસ કરે છે. આ લોકોથી પ્રેરણા લઈને આજકાલ ભારતમાં કેટલાક સંકુચિત મનના, અસહિષ્ણુ અને ઈસ્લામ-વિરોધી લોકો પણ આને વિષય બનાવીને ભારતના મુસલમાનોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પયગંબર સલ્લ.ની શાનમાં થતી ગુસ્તાખીને સહન કરવું તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે.

આશા છે કે આગળ જે સંશોધન અને તથ્યો પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે તેનાથી સચ્ચાઈ ઉજાગર થઈ જશે, અને બધા સંદેહો, મૂંઝવણો, ગેરસમજો અને ભ્રમણાઓ દૂર થઈ જશે ઈન્શા-અલ્લાહ.

સહીહ બુખારી અને સહીહ મુસ્લિમની રિવાયત (નોંધ)થી જાણવા મળે છે કે હઝરત આઈશા (રદિ.)ના નિકાહ તેમની છ (૬) વર્ષની ઉંમરમાં થયા હતા અને રુખસદી (વિદાય)ના સમયે તેમની ઉંમર નવ (૯) વર્ષની હતી. (બુખારી : ૩૮૯૪, મુસ્લિમ : ૧૪૨૨) આ બધી રિવાયતો સાચી છે અને તેની યથાર્થતા પર કોઈ ટીકા-ટિપ્પણી કરી શકાય એમ નથી અને જરૂર પણ નથી.

મીડિયા સાથે મળીને ઈસ્લામ-વિરોધીઓએ આ વાતની અનેક વાર ખોટી રજૂઆત કરીને લોકોના દિલોમાં પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. વિશે ભ્રમણા ઊભી કરવાની નિંદાત્મક કોશિશ કરી છે, જેના કારણે કેટલાક લોકો આશ્ચર્ય અને મજાકના લહેજામાં પૂછે છે કે શું મુહમ્મદ સલ્લ.એ એક નાની બાળકીની સાથે નિકાહ કર્યા ?

આવો, જોઈએ કે આની હકીકત શું છે ? ૧૪૫૦ વર્ષ પહેલા શું આ સામાન્ય બાબત હતી ? આના જવાબ માટે ઐતિહાસિક પશ્ચાદભૂમિ પર નજર નાખવાની જરૂર છે.

**મહત્ત્વનો મુદ્દો :**

સમયની સાથે-સાથે લોકોની રહેણી-કરણી, ખોરાક અને ઉપયોગની વસ્તુઓમાં ધરખમ પરિવર્તન આવ્યું છે અને એ જ પ્રમાણે લોકોના અંદર પણ શારીરિક ફેરફારો (Anatomical and Physiological Changes) થયા છે. તેમાં સામાજિક પરંપરાઓનો પણ સમાવેશ થાય છે. તે જોતાં ૧૪૫૦ વર્ષ પહેલા નાની ઉંમરમાં લગ્ન થવા ખૂબ મામૂલી વાત હતી, અને એ એક ઐતિહાસિક હકીકત છે કે યુરોપ, એશિયા, આફ્રિકા અને અમેરિકામાં ૯ વર્ષથી ૧૪ વર્ષ સુધીની છોકરીઓનાં લગ્ન કરી નાખવામાં આવતા હતા. જેમ કે –

Saint Augustine (350 AD)એ જે છોકરી સાથે લગ્ન કર્યા હતા તેની ઉંમર ૧૦ (દસ) વર્ષ હતી.

King Richard-II (૧૪૦૦ ઇ૰)એ જે છોકરી સાથે લગ્ન કર્યા તેની ઉંમર ૭ (સાત) વર્ષ હતી.

Henry-8, (1400 AD)એ જે

છોકરી સાથે લગ્ન કર્યા તેની ઉંમર ૭ (સાત) વર્ષ હતી.

ત્યાં સુધી કે આજે વાંચવામાં આવતી બાઈબલ (Numbers, Ch-31, Verse-17) માં છે કે, "But Save for yourselves every GIRL who has never slept with a man." (અર્થાત, પરંતુ પ્રત્યેક એ સ્ત્રી જેણે શારીરિક સંબંધ ન કર્યો હોય એટલે કે કુમારિકા હોય, તેને તમારા માટે જીવતી રાખો એટલે કે સુરક્ષિત કરી લો.)

ખ્રિસ્તીઓના કેથોલિક એન્સાયક્લોપેડિયા અનુસાર હઝરત ઈસા (અલૈ.)ના માતા હઝરત મરયમના લગ્ન તેમની ૧૨ વર્ષની ઉંમરમાં ૯૯ વર્ષના જોસેફથી થયા હતા.

૧૯૨૯થી પહેલા સુધી બ્રિટનમાં ચર્ચ ઓફ ઈંગ્લૅન્ડના મંત્રીઓ ૧૨ વર્ષની છોકરીઓ સાથે લગ્ન કરી શકતા હતા. ૧૯૮૩થી પહેલા કેથોલિક કેનાનના કાનૂને પોતાના પાદરીઓને એવી છોકરીઓથી લગ્ન કરી લેવાની અનુમતિ આપી રાખી હતી કે જેમની ઉંમર ૧૨ વર્ષ સુધી પહોંચી ચૂકી હોય. ઘણા લોકો એ બાબતથી અજાણ છે કે અમેરિકાના State of Delaware માં છોકરીના લગ્નની જે ઓછામાં ઓછી ઉંમર હતી તે ૮ વર્ષ અને કેલિફોર્નિયામાં ૧૦ વર્ષ હતી, ત્યાં સુધી કે આજ સુધી અમેરિકાના કેટલાક સ્ટેટ્સમાં છોકરીઓના લગ્નની જે ઉંમર છે તે Massachuskatsમાં ૧૨ વર્ષ, અને New Hamphiresમાં ૧૩ વર્ષ અને New Yorkમાં ૨૪ વર્ષની છે. અહીં સુધી તો ખ્રિસ્તી ધર્મ અને પશ્ચિમી દેશોમાં છોકરીઓના લગ્નની યોગ્ય ઉંમર અને ત્યાંની પ્રસિદ્ધ હસ્તીઓ વિશે માહિતી હતી, જેનાથી એ બાબત સ્પષ્ટરૂપે સાબિત થાય છે કે ઐતિહાસિક દ્રષ્ટિએ આ ઉંમરની છોકરીઓ સાથે લગ્ન કરવા એક સામાન્ય વાત હતી અને તેને કોઈપણ દોષપૂર્ણ અને ખોટું સમજતું ન હતું.

**હિન્દુ ધર્મમાં લગ્નની ઉંમર :**

હવે આપણા દેશ ભારતના કાનૂન અને હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથો પર દ્રષ્ટિપાત કરીએ કે તેમાં છોકરીઓના લગ્નની યોગ્ય ઉંમર વિશે શું લખ્યું છે.

હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથ 'ગૌતમધર્મસૂત્રાણિ'માં લખ્યું છે :

"કન્યાના વિવાહ તેના ઋતુકાલ (રજોદર્શન, માસિકસ્ત્રાવ)ના પહેલા જ કરી દેવા જોઈએ. (૨૧)"

"ઉક્ત સમયથી કન્યાનો વિવાહ ગ કરવાવાળા (પિતા વગેરે) દોષી હોય છે. (૨૨)

(गौतमधर्मसूत्राणि, द्वितीय प्रश्न, नवम अध्याय, पृ. २६१, सूत्र-२१-२२, प्रकाशनःकाशी संस्कृत ग्रंथमाला, चौखम्बा संस्कृत सीरीज ऑफिस, वाशणसी)

"એ ડરથી કે ક્યાંક ઋતુસ્ત્રાવ ન શરૂ થઈ જાય, પિતાએ પોતાની પુત્રીના લગ્ન એ જ વખતે કરી દેવા જોઇએ, જ્યારે કે તે નિર્વસ્ત્ર હરી-ફરી રહી હોય." (वशिष्ठ धर्मसूत्र, १७:७०)

"ત્રીસ વર્ષના પુરુષે બાર વર્ષની મનોરમ કન્યા પરણવી, અથવા ચોવીસનાએ આઠ વર્ષની કન્યાને વરવી અથવા ધર્મ વિષયમાં આપત્તિ હોય તો જલ્દી પરણવું." (શ્રીમનુસ્મૃતિ, ભાષાંતરકાર : શાસ્ત્રી શંકરદત્ત પાર્વતીશંકર, ૯મો અધ્યાય, સૂત્ર-૯૪)

"(જો પિતા, માતા અને ભાઈ વગેરે ઋતુમતી થતાં પહેલા કન્યાના લગ્ન ન કરે તો) ઋતુમતી થયા પછી ત્રણ વર્ષ સુધી કન્યા પોતાના લગ્નની પ્રતિક્ષા કરે, ચોથું વર્ષ શરૂ થતાં તે સ્વયં કોઈને પોતાનો પતિ બનાવી લે." (અનુશાસનપર્વ, મહાભારત, પ્ર-કન્યાના લગ્ન સંબંધમાં વિચાર)

"ત્રીસ વર્ષની વ્યક્તિએ નાગ્નિકા નામની દસ વર્ષની છોકરી સાથે લગ્ન કરવા જોઈએ. અથવા, એક અને વીસ વર્ષની વ્યક્તિએ સાત વર્ષની છોકરી સાથે લગ્ન કરવા જોઈએ." (મહાભારત, Section XLIV)

**ભારતમાં લગ્નની ઉંમર :**

આના વિશે કેમ્બ્રિજના સેન્ટ જહોન્સ કોલેજના ત્નક્રષ્ઠા ર્ઙ્ઘઅએ પોતાના પુસ્તક 'The Encyclopedia of Religion and Ethics'માં લખ્યું છે કે ભારતમાં ઘરોમાં છોકરીઓના લગ્ન ખૂબ જલ્દી કરી નાખવામાં આવતા હતા. શ્રીનિવાસ એ દિવસો વિશે લખે છે જ્યારે કે ભારતમાં પુષ્પાવસ્થા પહેલા લગ્ન કરવાનો રિવાજ ચાલતો હતો (૧૯૮૪ : ૧૧) – છોકરીની તે તેની ઉંમરે પહોંચે એ પહેલા લગ્ન કરી દેવા પડતા હતા. હિન્દુઓની પરંપરા અનુસાર અને દેશના રિવાજ પ્રમાણે છોકરીના પિતા માટે એ જરૂરી હતું કે તે પુષ્પ થાય એ પહેલા તેના લગ્ન કરી દે; જો કે કન્યાની વિદાયમાં મોટાભાગે વિલંબ થતો હતો, જે આશરે ત્રણ વર્ષ હતો. (The Oriental, the Ancient and the Primitive, p. 208) અને એ વાત બધા જાણે છે કે ઓછી ઉમ્મરમાં લગ્નોનો રિવાજ આજે પણ ભારતમાં જોવા મળે છે.

The Encyclopedia of Religion and Ethicsમાં લખ્યું છે કે જેની પુત્રી એ સ્થિતિમાં પુષ્પતાએ પહોંચતી હતી કે તે અપરણિત હોય તો તેના (હિન્દુ) પિતાને ગુનેગાર સમજવામાં આવતો હતો. જો આવું થતું તો તે છોકરી આપોઆપ શુદ્ર (નિમ્ન જાતિ)ના દરજ્જામાં જતી રહેતી હતી અને આવી છોકરીથી લગ્ન કરવા પુરુષ (પતિ) માટે અપમાનનું કારણ બનતું હતું.

મનુસ્મૃતિએ પુરુષ અને સ્ત્રી માટે લગ્નની જે ઉંમર નક્કી કરી છે, તે એ છે કે છોકરો ૩૦ વર્ષનો અને છોકરી ૧૨ વર્ષની, અથવા છોકરો ૨૪ વર્ષનો અને છોકરી ૮ વર્ષની. તેનાથી પણ વધારે બ્રહસ્પતિ અને મહાભારતની શિક્ષા અનુસાર આવા પ્રસંગે (હિન્દુ) છોકરીઓના લગ્નની જે ઉંમર બતાવી છે તે ૧૦ વર્ષ અને ૭ વર્ષ છે, જ્યારે કે તેના પછીના શ્લોકોમાં લગ્નની ઓછામાં ઓછી ઉંમર ૪ થી ૬ વર્ષ અને વધારેમાં વધારે ૮ વર્ષ બતાવવામાં આવી છે, અને એ બાબતના અસંખ્ય પ્રમાણો છે કે આ વાત માત્ર લેખિતમાં ન હતી, બલ્કે તેના પર અમલ પણ કરવામાં આવતો હતો. (Encyclopedia of Religion and Ethics, p. 450)

આમ, હિન્દુ ધર્મને માનનારાઓના પોતાના ધર્મગ્રંથો અનુસાર પણ આ ઉંમરમાં લગ્ન કરવા કોઈ દોષ, ખરાબી કે ખોટી બાબત ન હતી. જે લોકો આ વાત પર વાંધો ઉઠાવે છે તેઓ કાં તો અજ્ઞાનતાના આધારે ઉઠાવે છે, અથવા તો પછી નફરત ફેલાવવા, ગેરસમજો ઊભી કરવા કે પછી રાજકીય સ્વાર્થ ખાતર આવું કરે છે. માત્ર આવા લોકોએ જ નહીં, બલ્કે સૌ સમજદાર લોકોએ પહેલા ઇતિહાસનો અને પોતાના ધર્મગ્રંથો અને પોતાની પરંપરાઓનું અધ્યયન કરવું જોઈએ.

**૧૪૫૦ વર્ષ પહેલાના અરબસ્તાનમાં:**

સાડા ચૌદ સદી પહેલા આરબ પ્રદેશમાં પણ આટલી ઉંમરમાં લગ્ન કરવાને ખરાબ કે દોષ સમજવામાં આવતું ન હતું. પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ-સલ્લમના કાળમાં જે લોકોએ તેમના સંદેશનો ઇન્કાર કર્યો અને વિરોધ કર્યો, તેમણે દરેક રીતે, યેનકેન પ્રકારે પયગંબર સાહેબને બદનામ કરવાનો અને આપને અપમાનિત કરવાનો પ્રયત્ન કર્યો. આ વિરોધીઓ હંમેશા એ તકની રાહ જોતા એવી વાતની કે જેનાથી આપના વ્યક્તિત્વ પર મૌખિક અને શારીરિક રીતે પ્રહાર કરે, તેમના ચરિત્ર પર લાંછન લાગે. પયગંબર સાહેબ (સલ્લ.)ને ક્યારેક તેઓ જાદુગર કહેતા, ક્યારેક પાગલ કહેતા, ક્યારેક જ્યોતિષ કહેતા. પણ તેમના આખા જીવન-ચરિત્રનો કે ઇસ્લામી ઇતિહાસનો કોઈ ઉપરછલ્લો કે ઊંડો અભ્યાસ કરવામાં આવે તો ક્યાંય એ જોવા નથી મળતું કે આ વિરોધીઓમાંથી કોઈ એક વ્યક્તિએ પણ પયગંબર સાહેબ (સલ્લ.)ને હઝરત આયેશા (રદિઅલ્લાહુ અન્હા)થી તેમના લગ્નને લઈને કોઈ વાંધો ઉઠાવ્યો હોય કે મહેણું માર્યું હોય. આવું કેમ ??

આવું એટલા માટે કે તે જમાનામાં આ બાબત સામાન્ય હતી અને તેમના નજીક આ કોઈ એવી વાત જ ન હતી કે તેને આધાર બનાવીને તેઓ પયગંબર સાહેબનો વિરોધ કરતા અને મહેણું મારતા.

શું તમે એ પણ જાણો છો કે પયગંબર હઝરત મુહમ્મદ સાહેબ (સલ્લ.)ના પવિત્ર જીવનના પહેલા ૫૪ વર્ષ સુધી માત્ર એક જ પત્ની હઝરત ખદિજા (રદિઅલ્લાહુ અન્હા) હતા ? અને તેઓ એક વિધવા મહિલા હતા, જ્યારે પયગંબર સાહેબે તેમના સાથે લગ્ન કર્યા ? અને જ્યારે તેમના લગ્ન થયા ત્યારે એ વિધવા મહિલા (ઉમ્મૂલ મુ'મિનીન)ની ઉંમર ૪૦ વર્ષ અને પયગંબર સાહેબ (સલ્લ.) ભરયુવાન ૨૫ વર્ષના હતા ? પયગંબર હઝરત મુહમ્મદ સાહેબે (સલ્લ.) પોતાના જીવનનો ભરપૂર યુવાનીનો ગાળો માત્ર એક પત્ની હઝરત ખદિજા (રદિ.) સાથે વિતાવ્યો, જેઓ આપથી ૧૫ વર્ષ ઉંમરમાં મોટા હતા. મક્કાના અત્યંત કપરા અને અત્યાચારપૂર્ણ જીવનમાં બંને એકબીજાને વફાદાર અને સમર્પિત જીવનસાથી બનીને રહ્યા, એકબીજાને હૂંફ અને પ્રેરણા આપતા રહ્યા, અને સત્યની રાહમાં અડગ બની રહ્યા.

**ઉમ્મૂલ મુ'મિનીન હઝરત આયેશા (રદિઅલ્લાહુ અન્હા) સાથે આપના લગ્ન :**

અલ્લાહના પયગમ્બરોને તેમના જીવનના નાના પ્રસંગ માટે પણ માર્ગદર્શન અલ્લાહ તરફથી મળતું હોય છે. એ જ પ્રમાણે અલ્લાહની આજ્ઞાનુસાર પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ તેમના પરમ મિત્ર હઝરત અબૂબક્ર (રદિઅલ્લાહુ અનહૂ)ના સુપુત્રી હઝરત આયેશા (રદિ.) સાથે લગ્ન કર્યા, ત્યારે હઝરત આયેશા (રદિ.)ની ઉંમર ૬ વર્ષ હતી. જ્યારે તેઓ ૯ વર્ષના થયા, ત્યારે હિજરત પછી તેઓ તેમના પતિ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ,) ઘરે આવ્યા.

હવે પ્રશ્ન એ થાય છે કે જ્યારે હઝરત આયેશા (રદિ.)ની વિદાય થઈ તે વખતે શું તેઓ અપુખ્ત બાળકી હતા?

ના, બલ્કે આરબ પ્રદેશના મોસમ અને ત્યાંના કલ્ચર પ્રમાણે એ ઉંમર છોકરીઓની વિદાય માટે સ્વીકૃત અને પ્રચલિત બાબત હતી. ઇતિહાસ અને આધુનિક વિજ્ઞાન એ વાતની પુષ્ટિ કરે છે કે પુખ્તતાની ઉંમર જુદા-જુદા જમાના અને જુદા-જુદા પ્રદેશો પ્રમાણે જુદી-જુદી હોય છે. વર્તમાન વૈજ્ઞાનિક સંશોધનો એ વાતને સાબિત કરે છે કે છોકરીઓની પુખ્તતાની ઉંમર ૯ વર્ષથી ૧૫ વર્ષ દરમ્યાન ગમે તે સમયે પહોંચી શકે છે. (http://www.livescience.com/1824-truth-

early-puberty.html)

"The average temperature of the country is considered the chief factor with regard to Menstruation and Sexual Puberty."

(Women : An Historical, Gynecological and Anthropological compendium, Volume I, Lord and Brandsby, 1988, p. 563)

(અનુવાદ : કોઈપણ પ્રદેશની છોકરીઓના ઋતુસ્ત્રાવના આરંભ અને તેના લગ્નની પુખ્તતાની ઉંમરે પહોંચવામાં તે પ્રદેશના વાતાવરણનું જે સરેરાશ તાપમાન કે ઉષ્ણતામાન મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.)

આ તમામ દલીલોના પ્રકાશમાં જો આ પ્રસંગને જોઈએ તો હઝરત આયેશા (રદિ.) વિદાય વખતે અપુખ્ત બાળકી હતા એ વાંધો સમાપ્ત થઈ જાય છે, અને એ બધી ઘટનાઓ અને ઐતિહાસિક પશ્ચાદભૂમિને દૃષ્ટિ સમક્ષ રાખીને જોવામાં આવે તો કોઈને પણ આ લગ્ન પર વાંધો ઉઠાવવાનું કોઈ કારણ રહેતું નથી. અલબત્ત, જો કોઈના મનોમસ્તિષ્કમાં જ રોગ હોય તો તેનો કોઈ ઈલાજ નથી. દિવ્ય ગ્રંથ કુરઆનમાં ઉલ્લેખ છે કે, "તેમના હૃદયોમાં રોગ હતો, (તેઓ તેને દૂર કરવાના ઉપાયથી મોઢું ફેરવતા હતા, તેથી) અલ્લાહે તેમના રોગને ઓર વધારી દીધો અને જૂઠ બોલવાના કારણે તેમને પીડાદાયક યાતના આપવામાં આવશે." (સૂરઃ બકરહ, ૨ : ૧૦)

**આ નિકાહ (લગ્ન)ની તત્વદર્શિતા :**

આ લગ્નની હિકમત અને ફાયદો શું હતો? ધર્મ, સચ્ચાઈ અને નૈતિકતાને માનનારા સૌ માને છે કે આપણાં સૌનો અને સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર-પાલનહાર અલ્લાહ સર્વજ્ઞાની છે, તેને તમામ વાતોનું અંતિમ જ્ઞાન છે. હઝરત આયેશા (રદિ.) સાથે લગ્ન પણ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ અલ્લાહના આદેશને આધીન જ કર્યા હતા. (સંદર્ભ : હદીસ સંગ્રહ સહીહ બુખારી, ભા-૫, પ્ર-૫૮, હદીસ નં. ૨૩૫) ઈતિહાસ દર્શાવે છે કે હઝરત આયેશા (રદિ.) દ્વારા પયગંબર સાહેબ (સલ્લ.)ની ૨૨૦૦ થી વધારે હદીસો આપણાં સુધી પહોંચી છે. આમ પણ આરબો તેમની બુદ્ધિમત્તા અને યાદશક્તિ માટે તે જમાનામાં ખૂબ મશહૂર હતા, ઈતિહાસમાં તેના અનેક ઉદાહરણો જોવા મળશે. હઝરત આયેશા (રદિ.) અસાધારણ રૂપે બુદ્ધિશાળી અને હોશિયાર હતા, તેમની યાદશક્તિ ખૂબ તીવ્ર હતી, અને જ્યારે કે નાની ઉંમરમાં તેમના લગ્ન અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)થી થઈ ગયા હતા, તેથી તેમને આપ (સલ્લ.) સાથે રહેવાની લાંબી તક મળી અને તેમને આપ (સલ્લ.) પાસેથી ખૂબ જ્ઞાન મેળવવાનો મોકો મળ્યો. સાથે-સાથે મહિલાઓમાં સુધારણાનું કામ કરવાનું પણ શક્ય બન્યું. આનું પરિણામ એ આવ્યું કે આગળ ચાલીને તેમણે શ્રેષ્ઠ શિક્ષક અને નિપુણ ઈસ્લામી ધર્મશાસ્ત્રીની પ્રભાવશાળી ભૂમિકા અદા કરી અને તેમના હાથે કેટલાય લોકો ઈસ્લામી તજજ્ઞો બની શક્યા.

પયગંબરો દુનિયામાં મોજ-મસ્તી કરવા નથી આવતા, બલ્કે લોકોના સામે અલ્લાહનો માર્ગ પ્રશસ્ત કરવા આવે છે, તેઓ પોત-પોતાની કોમ અને સમાજની સુધારણા કરે છે. આ જ કામ અને કર્તવ્ય અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું હતું. તેમને દુનિયાના વૈભવ અને મોજમસ્તીથી કોઈ સરોકાર નથી હોતો. પયગંબર સાહેબે (સલ્લ.) હંમેશા પોતાને દુનિયાના એશો-આરામ અને લિજ્જતોથી દૂર રાખ્યા અને પોતાની ઉમ્મતને (જેમાં કયામત સુધીના તમામ મનુષ્યો સામેલ છે) પણ દુનિયાના આ ધોકાથી સચેત કર્યા. તેઓ દુનિયામાં 'રહમતુલ-લિલ-આલમીન' (સમગ્ર સૃષ્ટિ માટે સર્વથા દયા) બનીને આવ્યા હતા, તેથી તેમણે પ્રેમ અને દયાનો સંદેશ આપ્યો, અને સમજમાંથી બૂરાઈઓ, અરાજકતા, અન્યાય, અત્યાચાર અને અશાંતિ દૂર થાય તે માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. દુનિયાથી અંતિમ વિદાય વખતે જેનો ડંકો આખા અરબસ્તાન પર વાગતો હતો અને તેનો એક બોલ ઉઠાવવા લાખો સમર્પિતો રાત-દિવસ ૨૪૮૭૮૩૬૫ માટે ખડેપગે તૈયાર રહેતા હતા તેમના ઘરમાં ચૂલો સળગાવવા તેલ પણ ન હતું. તેઓ એટલા પવિત્ર અને પાક હતા અને તેમનું ચરિત્ર એટલું દમદાર અને શ્રેષ્ઠ હતું કે કોઈ વિરોધી પણ એ તરફ આંગળી ઉઠાવતા પહેલા દસ વખત વિચારતો હતો. તેઓ તો આવ્યા જ હતા દુનિયાની નૈતિક્તાને તેના ઉચ્ચતમ શિખરે પહોંચાડવા ! તમે એક નજર તેમના લગ્નો તરફ પણ નાખો.. માત્ર હઝરત આયેશા (રદિ.) સિવાય તમામ લગ્નો તેમણે વિધવાઓ, ત્યક્તાઓ સાથે કર્યા અને તે સૌ મહિલાઓને ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક ઉપલબ્ધ કરાવી, બલ્કે એ સૌ પત્નીઓ આપ (સલ્લ.) સાથે લગ્ન પછી કરોડો-અબજો મુસલમાનોની પુનિત-પવિત્ર માતાઓ બની ગઈ. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું માન, સન્માન, આદર એ પ્રત્યેક મુસાલમાનનું ઈમાન છે.

(અનુસંધાન પાન ૨૫ ઉપર)

# સફળ સમાજનો પાયો

પ્રો. મોહસિન ઉસ્માની નદવી




માનવો વચ્ચે સારા પારસ્પરિક સંબંધો, લોકોની સેવા, પરસ્પર સહાનુભૂતિ, સદ્ભાવના અને શાંતિ હંમેશાં એક સફળ સમાજની બુનિયાદી જરૂરતો રહી છે. વિશ્વના તમામ ધર્મોએ આ ગુણોને મહત્ત્વપૂર્ણ માન્યા છે અને આમને અપનાવવા પર ભાર મૂક્યો છે. આ તથ્ય છતાં અન્ય ધર્મોએ આના પર એટલો ભાર નથી મૂક્યો જેટલો ઈસ્લામે મૂક્યો છે. આ મુસલમાનોના સામૂહિક કાર્યોમાંથી અદૃશ્ય રહ્યા, અને આ દરવાજો બંધ પણ રહ્યો છે. ભારતની વર્તમાન વિકટ પરિસ્થિતિઓમાં આ જ એકમાત્ર માર્ગ છે કે જેના દ્વારા મુસલમાનો નફરતના વાતાવરણને બદલી શકે છે, અને લોકોના દિલો પર પોતાની નૈતિકતાની છાપ છોડી શકે છે. સારા સંબંધો અને સમાજ-સેવાના માધ્યમથી આપણે ઈસ્લામ વિરોધી વાતાવરણને વધુ સારી રીતે બદલી શકીએ છીએ. દુર્ભાગ્યથી, આ દરવાજો લાંબા સમયથી બંધ છે. વફાદારી અને માનવ ગરિમા એવો મુદ્દો છે જે ઈસ્લામી શિક્ષણમાં દરેક જગ્યાએ પ્રગટ રીતે સ્પષ્ટ છે.

માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ "અલ ખલ્કુ અયાલુલ્લાહ" કહીને સમગ્ર માનવોને એક પરિવાર બનાવી દીધા.

ભારતની પ્રાચીન સભ્યતા અને સનાતન સંસ્કૃતિની પણ આ જ ઓળખ રહી છે. અહીંની બહુમતી વસ્તી માનવતા, નૈતિકતા, દયા, ધાર્મિક અને સાંસ્કૃતિક સહિષ્ણુતામાં વિશ્વાસ ધરાવે છે, જો કે એક વર્ગ ભારતના આ સાંસ્કૃતિક વારસાને નુકસાન પહોંચાડવામાં લાગેલ છે. અને આ કરવામાં એ કેટલીક હદ સુધી સફળ પણ દેખાઈ રહ્યો છે. હવે આ સ્પષ્ટ થઈ ગયું છે કે ફક્ત ચૂંટણી અને રાજકારણ કે રાજકીય નીતિ જ મુસલમાનોની સમસ્યાનું સમાધાન નથી.

સંજોગોએ એવો સાંપ્રદાયિક રંગ ધારણ કરી લીધો છે કે આ દેશમાં ચૂંટણીઓ વાસ્તવિક મુદ્દાઓના બદલે ભાવનાત્મક મુદ્દાઓ પર લડવામાં આવે છે. અને જો હિંદુ-મુસ્લિમ મુદ્દાને ઉઠાવવામાં આવે છે તો સાંપ્રદાયિક પરિબળો માટે ચૂંટણીઓ જીતવી બહુ સરળ થઈ જાય છે. પરંતુ આ પણ પોતાની જગ્યાએ હકીકત છે કે અહીં સજ્જનતાનું સન્માન જોવા મળે છે. ધર્મ-સંસદ દ્વારા રક્તપાતની ઘોષણા અને ધમકીઓએ દરેક ન્યાયપ્રિય નાગરિકના હૃદયને કચડી નાંખ્યું. આની વિરુદ્ધ થનારા વિરોધ પ્રદર્શનોથી આ વાત પુરવાર થાય છે કે દેશનો સામૂહિક સ્વભાવ હજુ પણ બૃહદઅંશે પોતાના અસલ મૂળિયાઓ સાથે જોડાયેલ છે. લોકતંત્ર, ધર્મ-નિરપેક્ષતા અને બંધારણનું સમર્થન કરનારા લોકો હજી પણ બહુમતીમાં છે. જો કે તેમની સંખ્યા ઘટતી જઈ રહી છે. નેક અને શરીફ લોકોને સંગઠિત કરવાની આવશ્યકતા છે.

દેશમાં આ જ ભાવનાને જીવિત રાખવા તથા આંતર-ધર્મીય સંયુક્ત મૂલ્યો અને સંયુક્ત સંઘર્ષને આગળ વધારવા માટે દેશના કેટલાક જાગૃત અને સમજુ લોકોએ "હ્યુમન વેલ્ફેર કાઉન્સિલ" સ્થાપવાનો નિર્ણય લીધો છે, અને આ પણ નિર્ણય લીધો છે કે આ કાર્યને સમગ્ર દેશમાં ફેલાવવું છે જેથી કરીને આ મહાન કર્તવ્યને કેટલીક હદ સુધી પૂરું કરી શકાય, અને દેશના

વાતાવરણને સુખદ બનાવી શકાય. માનવતાની સેવા થઇ શકે અને મુસલમાનો દેશમાં પોતાની ધાર્મિક તથા સાંસ્કૃતિક ઓળખ સાથે રહી શકે અને દેશ તથા સમાજ બન્નેની સેવા કરી શકાય. આ સંસ્થા રજિસ્ટર્ડ પણ થઈ ચૂકી છે અને આની વિસ્તૃત વિગતો છપાઇ પણ છે.

કુર્આન તથા હદીસોથી પણ સમાજ-સેવાના કાર્યોનું મહત્ત્વ સ્પષ્ટ છે. દુર્ભાગ્યવશ્ મુસલમાનોએ આના પર ધ્યાન નથી આપ્યું અને આ કારણે તેઓ પોતાના દેશ-બાંધવોના દિલોમાં પોતાનું સ્થાન નથી બનાવી શક્યા, અને ન જ પોતાના ધર્મને લોકો માટે આકર્ષક બનાવી શક્યા. પરિસ્થિતિએ હવે અત્યંત ખતરનાક વળાંક લઈ લીધો છે, પરંતુ સંજોગો હંમેશા એક સમાન નથી રહેતા. દરેક અંધારી રાત પછી પ્રભાત દેખા દે છે. અસલ કામ તો ખરો માર્ગ અને સાચું સમાધાન શોધવું છે. મુસલમાનો માટે એક જ રસ્તો છે કે તેઓ દેશ-બાંધવોની વચ્ચે ઊભા રહે, તેમની સાથે સંવાદ કરે અને તેમના દિલોમાં જગ્યા બનાવે. લોકોની સેવા કરે. મુસલમાનોએ પોતાની અંદર જે કાર્ય કરવાનું છે તે શિક્ષણ તથા નૈતિકતાના સ્તરને ઉપર ઉઠાવવાનું કાર્ય છે. હવે બિન-મુસ્લિમ સમાજમાં કાર્ય કરવાનો ફક્ત આ જ એક રસ્તો છે, જે ખુલ્લો છે.

ઈસ્લામના પૈગમ્બર મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું છેઃ સૈય્યિદિલ કૌમ ખાદિમુહુમ.. મુસલમાનોનું કર્તવ્ય છે કે તેઓ કોઈ પ્રકારના ભેદભાવ વિના લોકોની સેવા કરે. તેમણે પોતાના કાર્યો, વ્યવહાર, ચારિત્ર્ય અને સાહિત્યના માધ્યમથી પોતાનો અને પોતાના ધર્મનો પરિચય કરાવવો જોઈએ. જો મુસલમાનોએ ફક્ત પોતાના વર્તુળમાં જ કામ કરતા રહેશે, જેમકે મુસ્લિમ સંગઠનો કરે છે, તો મંઝિલ (ધ્યેય) સુધી પહોંચવું શક્ય નહીં બને.

મૌલાના અબુલ કલામ આઝાદે લખ્યું હતું કે રાષ્ટ્રોના જીવનમાં ક્યારેક એક એવી ક્ષણ આવે છે કે જો તે ક્ષણે ખરો નિર્ણય લેવામાં આવે તો રાષ્ટ્ર સૈકાઓ આગળ નીકળી જાય છે. ભારતમાં એ ક્ષણ આવી ચૂકી છે અને ખરો નિર્ણય લેવાનો છે. હવે યુવાનોએ આગળ આવવું પડશે. જો કોઈ ધાર્મિક કાર્યક્રમ કે સભા કરો તો ખૂબ જ ગંભીરતાથી બિન-મુસ્લિમોને આમંત્રિત કરો, અને તેમની સાથે સંબંધ સ્થાપિત કરો. વર્તમાન મુસ્લિમ સંગઠનો પાસે સાચી યોજનાજ નથી. તેમણે નબીઓ અ.સ.ના કાર્યને પોતાના આદર્શ નથી બનાવ્યો. હાલમાં મુસલમાનો વ્હેલામાં વ્હેલી તકે આ આયોજન બનાવે, અને માનવતા (કે સમગ્ર માનવજાત)ને અલ્લાહનો પરિવાર સમજવાની સમજ વિકસાવવી જોઈએ. વિરોધીઓને જે શક્તિ હરાવી શકે છે તે છે નૈતિકતા અને સમાજ-સેવા. મુસલમાનોએ આ બધું લોખંડી ઈરાદાઓ સાથે કરવાનું છે, અને બિન-મુસ્લિમ સમાજમાં ઊતરવાનું છે.

પૈગમ્બરોના જીવનથી જે વસ્તુ સૌથી વધુ સ્પષ્ટ થાય છે, તે છે અપાર માનવીય કરૂણા. દુર્ભાગ્યે દરેક મુસલમાન પોતાની જાતને એક હોલવાયેલ દીપક સમજવા લાગ્યો છે, અને સંજોગો દ્વારા પેદા કરવામાં આવેલ આ અંધકારને દૂર કરવા માટે પ્રકાશ બનવા તૈયાર નથી. દેશ-બાંધવો સાથે સંબંધ મજબૂત કરવાનું કાર્ય મુસલમાનોના પક્ષમાં માસ્ટર સ્ટ્રોક પુરવાર થશે. મુસલમાનો પોતપોતાના મહોલ્લાની મસ્જિદોમાં કમિટી બનાવી લે, અન આસપાસના બિનમુસ્લિમ ભાઈઓ સાથે જોડાય. તેમને ઈસ્લામ, મુસલમાન અને મસ્જિદથી પરિચિત કરાવે. સાથે જ સમાજ-સેવાનું કાર્ય પણ કરે.

બદ્રની લડાઈમાં જ્યારે કેટલાક કેદીઓ પકડાયા તો મુસલમાનોએ તેમના આરામનો એટલો ખ્યાલ રાખ્યો હતો કે પોતે ભૂખ્યા સૂઈ ગયા, પરંતુ તેમને ખવડાવ્યું-પીવડાવ્યું. મુસલમાનો દ્વારા સમાજ-સેવાનું કાર્ય સામૂહિક રીતે કરવું જોઈએ. આ લેખને વાંચ્યા પછી દરેક વ્યક્તિ મસ્જિદને કેન્દ્ર બનાવીને કાર્ય શરૂ કરી શકે છે. તેણે કોઈ પણ નેતાની રાહ જોવાની જરૂરી નથી. ભારતના મુસલમાનો કંઈક તો પોતાની ભૂલો અને કંઈક અન્યોની ‘‘મહેરબાનીઓ’’થી આંધળા-કૂવામાં નાખી દેવામાં આવ્યા છે. સમાજ-સેવા અને દિલોને જીતવા તેમજ સંબંધોને મજબૂત કરવાનો જે માર્ગ બતાવવામાં આવ્યો છે તે રીતે આંધળા-કૂવામાંથી નીકળીને કિન્આનના યૂસુફ બનવાનો માર્ગ છે. આજે મુસલમાનો એક બંધિયાર ગલીમાં છે અને સાહસ તથા પ્રગતિ ભણી આગળ વધવાનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો છે. આ બંધ દરવાજાને ખોલવો જરૂરી છે.

—●—


Eye Guard Opticals

Irfan Saiyad Mo. : 98252 84358




We make spectacles as per Dr. Prescription. Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

# શક્તિ અને ક્ષમા




**ગુલઝાર સેહરાઈ**

જ્યારે પણ આપણે માફી કે ક્ષમા શબ્દ સાંભળીએ છીએ તો આપણી સમક્ષ કોઈ નિર્બળ અને નિઃસહાય વ્યક્તિની છબી ઊભરે છે, જેમાં કોઈ જાલિમને માફ કરી દેવા માટે કહેવામાં આવી રહ્યું હોય છે. વાસ્તવમાં આ જ પ્રચલિત પણ છે કે જો કોઈ શક્તિશાળી કે બળવાન કોઈ કમજોરની સાથે અન્યાય તથા અત્યાચારનું વલણ અપનાવે છે તો સમાજના લોકો એ જાલિમ-જુલ્મીને કંઈ કહેવાના બદલે એ જ પીડિત વ્યક્તિને કહે છે કે તે પોતાની સાથે થયેલ અન્યાય તથા અત્યાચાર માટે એ (જાલિમ)ને ક્ષમા કરી દે અને માફીની મહાનતા દાખવતાં તેનો બદલો (વળતર) અને સવાબ (પુણ્ય) પણ ગણાવવા લાગે છે.

વાસ્તવમાં એવા લોકો ડરપોક અને કાયર હોય છે, કેમકે તેઓ કોઈ જાલિમનો હાથ પકડવાની હિંમત નથી ધરાવતા. આટલું જ નહીં, બલ્કે તેઓ એટલું સાહસ પણ નથી ધરાવતા કે જાલિમની સામે તેને જાલિમ કહી શકે, આથી પોતાની કાયરતાને આ કહેવાતી ક્ષમાના પર્દાની પાછળ છુપાવવા ઈચ્છે છે. પરંતુ તેઓ આ નથી જાણતા કે સજા આપવાની શક્તિ ધરાવતા હોવા છતાં ક્ષમા કરી દેવું જ ખરી ક્ષમા કે માફી આપવી છે. નિર્બળ અને નિઃસહાયની ક્ષમાનું કોઈ મહત્ત્વ નથી, કેમકે નિર્બળ વ્યક્તિ તો સજા આપવાનું સામર્થ્ય જ નથી ધરાવતી, અર્થાત્ તેની પાસે કોઈ વિકલ્પ જ નથી, સિવાય કે ચુપ રહીને ધૈર્ય રાખે, આથી તેનું માફ કરવું કે ન કરવું એક સમાન હોય છે.

ઈસ્લામે માફીની જે મહાનતા વર્ણવી છે અને તેનું ઘણું મોટું વળતર વર્ણવ્યું છે, તેનો ઉપદેશ પણ સામર્થ્યવાન લોકોને જ આપ્યો છે, કે તેઓ પોતાના નોકરો-સેવકો વિ. સાથે નરમ વલણ અપનાવે અને તેમની ભૂલોને માફ કરી દીધા કરે. આ નથી કહ્યું કે શક્તિશાળી જાલિમ કંઈ પણ કરે, સમાજના લોકો કમજોર અને પીડિતને માફીની દુહાઈ આપીને તેની સાથે થયેલ જુલ્મ પ્રત્યે આંખ આડા કાન કરી લે, અને જો કોઈ કમજોર અને પીડિત પોતાના દુઃખના કારણે આ કહી દે કે તે પોતાના જાલિમને માફ નહીં કરે, બલ્કે આનો મામલો તે અલ્લાહ પર છોડે છે, તો સમાજના આ સભ્ય લોકો તેની જ વખોડણી કરવા લાગે જાણે કે તેણે માફ કરવાથી ઇક્રાર કરીને કોઈ બહુ મોટો અપરાધ કર્યો હોય. કુર્આનની જે આયતને પીડિતને ધૈર્ય રાખવા (સબ્ર કરવા) માટે રજૂ કરવામાં આવે છે તેના શબ્દો આ પ્રકારે છેઃ

અને જો તમે બદલો લો તો બસ એટલા જ પ્રમાણમાં લો જેટલા પ્રમાણમાં તમારી ઉપર અત્યાચાર કરવામાં આવ્યો હોય. પરંતુ જો તમે ધૈર્ય રાખો તો બેશક આ ધૈર્ય રાખનારાઓના જ હિતમાં વધુ સારૂં છે. (સૂરઃનહ્‌લ, આયત-૧૨૬)

સ્પષ્ટ રહે કે આ આયતમાં કોઈ કમજોર અને નિઃસહાયને આ ઉપદેશ નથી આપવામાં આવી રહ્યો, કેમકે એ બિચારો તો બદલો લેવાનું સામર્થ્ય જ નથી ધરાવતો, બલ્કે સામર્થ્યવાનને આ કહેવામાં આવી રહ્યું છે કે બદલો લેવાનું સામર્થ્ય ધરાવવા છતાં જો એ બદલો ન લે અને ધૈર્યથી કામ લે તો આ વધુ સારૂં છે, પરંતુ સમાજના વલણથી તો આ જ લાગે છે કે જાણે ધૈર્ય રાખવું અને ક્ષમા આપવી, પીડિત માટે અનિવાર્ય હોય.

આ સાચું છે કે ઈસ્લામમાં માફી અર્થાત્ ક્ષમાની ખૂબ જ મહાનતા વર્ણવવામાં આવી છે, પરંતુ વિચાર કરવાની વાત આ પણ છે કે ઈસ્લામમાં સૌથી વધુ જે જાહેર માફીનો ઉલ્લેખ કરવામાં આવે છે એ મક્કા પર વિજય બાદ ઈસ્લામ-દુશ્મનોને આપવામાં આવેલ જાહેર માફી છે. દેખીતું છે કે આ માફી એ સમયે આપવામાં આવી કે જ્યારે મક્કા પર મુસલમાનોને પૂરી રીતે સત્તા પ્રાપ્ત થઈ ગઈ હતી. આવામાં અલ્લાહના રસૂલ સ.અ.વ. ઈચ્છતા તો એક-એકથી બદલો લઈ શકતા હતા અને જે ઈચ્છતા તેમને સજા આપી શકતા હતા, પરંતુ તેમણે તાકત-શક્તિ અને અધિકાર ધરાવવા છતાં સૌને માફ કરી મહાનતાનો જે આદર્શ રજૂ કર્યો તેનું ઉદાહરણ નથી મળતું.

મહાનતા આમાં જ છે કે તાકત-સામર્થ્ય ધરાવવા છતાં માફ કરવામાં આવે. આનાથી જુલ્મ કરનારા ઉપર પ્રભાવ પણ પડે છે, જ્યારે કે કમજોરથી જાલિમને માફી અપાવડાવવાથી જાલિમની હિંમત વધી જાય છે. અને પીડિતને ફક્ત દુ:ખ-વ્યથા મળે છે. એ સમાજના દબાણમાં ભલે ચુપ રહી જાય અથવા જીભથી માફ પણ કરી દે, પરંતુ તેનું હૃદય ક્યારેય માફ નથી કરતું, બલ્કે એ તો ફક્ત સંયમ રાખે છે અને પોતાનો વારો આવવાની રાહ જુએ છે. આ વારો આ લોકમાં આવે કે ન આવે પરંતુ પરલોકમાં અવશ્ય આવશે. આથી કોઈ કમજોર-નિર્બળના અધિકારોનું હનન કે તેના પર અત્યાચાર કરતી વખતે માણસે આ સારી રીતે સમજી લેવું જોઈએ કે કોઈ કમજોર પર કરવામાં આવેલ અન્યાય તથા અત્યાચાર માટે ક્ષમા-યાચના કે માફી માગવી જ પૂરતું નથી, બલ્કે તેના થયેલ નુકસાનની ભરપાઈ કરવી અનિવાર્ય છે. હવે આ પીડિત માનવી પર નિર્ભર છે કે તે આ ભરપાઈ આ લોકમાં થાય એ પસંદ કરશે કે પરલોકમાં.

સમાજનું પણ કર્તવ્ય છે કે કોઈ શક્તિશાળી જાલિમને કોઈ કમજોર પર અત્યાચાર કરતાં જુએ તો કમજોરને ધૈર્ય તથા માફીની મહાનતા બતાવવાના બદલે તેને ન્યાય અપાવવાનો પ્રયાસ કરે. જાલિમને જુલ્મથી રોકે અને પીડિતનો સાથ આપે, તેના ઘા ઉપર ન્યાયનું મલમ લગાવે, નહીં કે ઊલ્ટાનું તેને જાલિમને માફ કરવાની દુહાઈ આપીને તેના ઘા પર નમક છાંટવાનું કામ કરે. આપણા સમાજમાં અન્યાય તથા અત્યાચારના ફાલવા-ફૂલવાનું એક બહુ મોટું કારણ સમાજની માફી પ્રત્યે આ ખેટી અવધારણા પણ છે. જો સમાજના લોકો માફીની સાચી અવધારણાથી વાકેફ થઈ જાય તો ઘણું બધું સકારાત્મક પરિવર્તન આવી શકે છે. —•—




Reg.No. A-7183

Dr. Saba Baloch

Dr. Saba Dental Clinic


:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery
Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator

Available on Emergency Trauma Cases 99 98 36 05 03

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Phone: +91 9998360503 Email: smile@drsabadentalclinic.com

# ધર્મપરાયણતા અને કુરબાની



ઈદુલ-અઝ્હા વિશેષ

સંપાદક મંડળ

ઈદુલઅઝહા, જેને બકરીઈદ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મુસ્લિમોના બે મુખ્ય તહેવારોમાંનો એક છે, જે ઇસ્લામિક કેલેન્ડરના છેલ્લા મહિના ઝિલહજ્જના ૧૦મા દિવસે ઉજવવામાં આવે છે. ઈદુલ-અઝહા અથવા કુરબાનીનો તહેવાર એ અલ્લાહ (ઈશ્વર)ની આજ્ઞામાં પોતાને સંપૂર્ણ રીતે સમર્પણ કરીને અને પોતાના હાથે પોતાના પુત્રની કુરબાની આપવા માટે તૈયાર થઈને હઝરત ઈબ્રાહીમ અલૈ.ની યાદને ચિહ્નિત કરે છે. આ દિવસે અલ્લાહના નામ પર જાનવરોની કુરબાની કરીને, દરેક મુસ્લિમ પોતાનો સંકલ્પ દર્શાવે છે કે હઝરત ઈબ્રાહીમ અલૈ.ની જેમ તે અને તેનું બધું અલ્લાહને સમર્પિત છે.

વિશ્વભરના ૨૦૦ કરોડ મુસ્લિમો આ તહેવારને સંપૂર્ણ શ્રદ્ધા સાથે ઉજવે છે અને અલ્લાહના આદેશો પ્રત્યેના તેમના સંપૂર્ણ સમર્પણના પ્રદર્શનમાં, પ્રતીકાત્મક રીતે જાનવરની કુરબાની આપે છે.

**અન્ય ધર્મોમાં કુરબાની**

તેમના ઉપાસકોની સામે જાનવરોની કુરબાની ચઢાવવાની પ્રથા વિવિધ ધર્મોમાં એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. પ્રાચીન ગ્રીસ, ઇજિપ્ત, ચીન અને રોમન સભ્યતા અને આપણા દેશમાં પણ પશુ બલિદાનની પ્રથા જોવા મળે છે. બલિ પ્રણાલી હેઠળ, બકરો, કૂકડો અથવા ભેંસની બલિ ચઢાવવાની પ્રથા છે. યહૂદીઓ અને ખ્રિસ્તીઓમાં પણ જાનવરોની કુરબાની કરવાનું વર્ણન છે. હિન્દુ ધર્મમાં આ સંબંધમાં માહિતી માટે જુઓઃ મનુ. ૩/૧૨૩, ૩/૨૬૮ ૫/૨૩, ૫/૨૭-૨૮, ૫/૩૫-૩૬; ઋ -૧૦/૨૭/૨, ૧૦/૨૮/૩; અથર્વ -૯/૬/૪/૪૩/૮; શ.બ્રા. ૩/૧/૨/૨૧

**કુરબાની વિશે ખોટી માન્યતાઓ**

આ તહેવાર જેટલો પવિત્ર અને ઉચ્ચ આદર્શોનું પ્રતિક છે તેટલુંજ તેના વિશે લોકોમાં ઘણી ગેરમાન્યતાઓ પણ ફેલાઈ છે. કેટલાક લોકોએ તેની સામે વાંધો ઉઠાવવાનું શરૂ કર્યું છે. ચાલો આમાંથી કેટલાક મુદ્દાને સમજવાનો પ્રયત્ન કરીએ.

**કુર્બાની જીવ-હત્યા છેઃ** માંસ ખાવાની પ્રથા વિશ્વના લગભગ બધા જ દેશોમાં જોવા મળે છે. અને ભોજન માટે દરરોજ લાખોની સંખ્યામાં જાનવર કાપવામાં આવે છે. જો ઈદુલ અઝ્હાની કુર્બાની જીવ-હત્યા છે અને તે ખોટી છે તો આખા વર્ષ દરમ્યાન જાનવરોને કાપવાનું ઉચિત કેવી રીતે હોઈ શકે છે? બીજી વાત આ કે વિશ્વની જન-સંખ્યાનો ૩/૪ (ત્રણ ચતુર્થાંશ) ભાગ મુસલમાન નથી, અને આમાંથી મોટાભાગના (બહુમતી) લોકો, જેમાં ભારતના લોકો

પણ સામેલ છે, માંસાહાર કરે છે અને તે હંમેશાંથી કરતા આવી રહ્યા છે. ભારતમાં ૭૦ ટકા લોકો માંસ ખાય છે. જેમાં ૫૦ ટકા લોકો બિન-મુસ્લિમો જ છે. તો પછી જીવ-હત્યાનો આરોપ ફક્ત મુસલમાનો ઉપર જ કેમ? જ્યારે કે ઈસ્લામ કોઈપણ ઉચિત કારણ વિના કોઈપણ હત્યાનો સખત વિરોધી છે, ચાહે તે માનવોની હોય કે પછી જાનવરોની.

ઈસ્લામ વિશે એક ગેરસમજ આ ફેલાયેલી છે કે આમાં માંસ ખાવું અનિવાર્ય છે. આવું બિલકુલ નથી. અલ્લાહે માનવોને તેમના જ ફાયદા માટે માંસ ખાવાની ફક્ત પરવાનગી આપી છે, ખાવું અનિવાર્ય નથી ઠેરવ્યું. આ જ કારણથી તેણે માનવીના શરીરમાં બન્ને પ્રકારની ક્ષમતા રાખી છે અને આનું મહત્ત્વ એ લોકોને પૂછો જેઓ એવા બરફીલા સ્થળ કે હિમ-પ્રદેશોમાં રહે છે, જ્યાં ઘાસ સુદ્ધાં નથી ઊગતી, કોઈ અન્ય વનસ્પતિનો તો પ્રશ્ન જ નથી ઊભો થતો. એ લોકોને પૂછો કે જેઓ સમુદ્રીપ્રદેશોમાં રહે છે અને માછલી જ તેમનું મુખ્ય ભોજન છે. અને જો જીવની વાત જ કરવામાં આવે તો જીવ તો વનસ્પતિઓમાં પણ હોય છે, પરંતુ આના ભોજન તરીકેના ઉપયોગ પર કોઈને કોઈ જ આપત્તિ નથી.

આ વાતની પણ બહુ ઓછા લોકોને ખબર છે કે એક તરફ જ્યાં ઈસ્લામ માંસ ખાવાની પરવાનગી આપે છે, ત્યાં જ બીજી તરફ તે આ પણ આજ્ઞા આપે છે કે જાનવરોને એ રીતે ઝબેહ કરવામાં આવે કે તેમને ઓછામાં ઓછી તકલીફ થાય. પૈગમ્બર હઝરત મુહમ્મદ સ.અ.વ.નો આદેશ છે કે જાનવરોને ઝબેહ કરતી વખતે ભલી રીતે ઝબેહ કરો અને છરીને તેજ-ધારદાર કરી લીધા કરો અને સૂકૂનથી કુર્બાની કરો. (હદીસ, મુસ્લિમ ૫૧૬૭)

આ પણ જોવામાં આવી રહ્યું છે કે આજકાલ જે લોકો સમગ્ર વિશ્વમાં થઈ રહેલ માનવોની હત્યાઓ અંગે ક્યારેય અવાજ નથી ઉઠાવતા, એ જ લોકો કુર્બાનીનો સૌથી વધારે વિરોધ કરી રહ્યા છે.

---

**તેમના ઉપાસકોની સામે જાનવરોની કુરબાની ચઢાવવાની પ્રથા વિવિધ ધર્મોમાં એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. પ્રાચીન ગ્રીસ, ઇજિપ્ત, ચીન અને રોમન સભ્યતા અને આપણા દેશમાં પણ પશુ બલિદાનની પ્રથા જોવા મળે છે. બલિ પ્રણાલી હેઠળ, બકરો, કૂકડો અથવા ભેંસની બલિ ચઢાવવાની પ્રથા છે. યહૂદીઓ અને ખ્રિસ્તીઓમાં પણ જાનવરોની કુરબાની કરવાનું વર્ણન છે. હિન્દુ ધર્મમાં આ સંબંધમાં માહિતી માટે જુઓઃ મનુ. ૩/૧૨૩, ૩/૨૬૮ ૫/૨૩, ૫/૨૭-૨૮, ૫/૩૫-૩૬; ઋ -૧૦/૨૭/૨, ૧૦/૨૮/૩; અથર્વ -૯/૬/૪/૪૩/૮; શ.બ્રા. ૩/૧/૨/૨૧**

---

### કુર્બાનીથી જાનવરોનો વંશ સમાપ્ત થઈ જશે

આ પણ એક એવો વાંધો છે કે જેની પાછળ ન તો કોઈ તર્ક છે અને ન જ અનુભવ. જાનવરોનો ખાવામાં ઉપયોગ હંમેશાંથી થતો આવ્યો છે, અને લાખો વર્ષોમાં જ્યારે કુર્બાની વાળા જાનવરોનો વંશ સમાપ્ત નથી થયો તો હવે કેવી રીતે થઈ જશે? બલ્કે સત્ય તો આ છે કે જેમ-જેમ આ જાનવરોનો ઉપયોગ વધતો ગયો છે તેમ તેમ આમનો વંશ વધુ ઝડપથી ફેલાતો ગયો છે, અને ખતમ થવાને બદલે વધતો જઈ રહ્યો છે. બકરી આનું સારૂં ઉદાહરણ છે કે જે લાખોની સંખ્યામાં રોજ વપરાશમાં આવે છે પરંતુ તેમાં ઘટાડો ક્યારેય નથી થયો. જો કે બકરીના એક વર્ષમાં વધુમાં વધુ બે બચ્ચા થાય છે. જ્યારે કે કેટલાક બીજા જાનવરો જેમકે કૂતરા, બિલાડી વિ.ના છ અને આઠ સુધી બચ્ચાં થાય છે, પરંતુ તેમનું પ્રમાણ આટલું ક્યારેય જોવામાં નથી આવતું જેટલું બકરીનું. આવી જ રીતે મરઘા અને માછલીની સંખ્યા ઉપયોગની સાથે ખૂબ જ ઝડપથી વધતી જઈ રહી છે.

### કુર્બાનીના પૈસાને ગરીબોમાં વ્હેંચી દેવા જોઈ

ઈસ્લામમાં સમાજના ગરીબો અને અન્ય વંચિત લોકોની સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા અને તેમનું જીવનધોરણ ઊંચું લાવવા માટે ઘણી જોગવાઈઓ છે અને જ્યારે પણ ઈસ્લામને સ્વતંત્ર રૂપથી કામ કરવાની તક મળી છે ત્યારે આવા લોકોની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. સમગ્ર ઈસ્લામિક ઈતિહાસ આની સાક્ષી આપે છે. તેથી ઈસ્લામ પરનો આ આરોપ પણ વાજબી લાગતો નથી.

ઈસ્લામના બંન્ને તહેવારોમાં ગરીબોને સાથે લઈને ચાલવાની પૂરી જોગવાઈ છે. ઈદુલ-ફિત્રના દિવસે મુસ્લિમની નમાઝ સ્વીકારવામાં આવશે નહીં જો તે ગરીબોના હક તેમના સુધી નહીં લાવે. કુર્બાનીના જાનવરોનો બે તૃતીયાંશ ભાગ ગરીબોમાં વહેંચવામાં આવે છે જેથી તેઓને પણ સારો ખોરાક મળી શકે. પશુઓના ચામડાના પૈસા

ગરીબોને આપવા પણ જરૂરી છે. અને સૌથી ઉપર, ઇસ્લામમાં ફરજિયાત ઝકાત જે ગરીબીને જડમાંથી નાબૂદ કરવાની સૌથી મહત્વની જોગવાઈ છે. આજે પણ જો ઝકાતની જોગવાઈનો શિસ્તબદ્ધ રીતે અમલ કરવામાં આવે તો દેશમાંથી ગરીબી નાબૂદ થવામાં વધુ સમય લાગશે નહીં. આવામાં એક તહેવારને લક્ષ્ય બનાવીને તેમાં કરવામાં આવતી કુર્બાનીને ટીકા-આલોચનાને લાયક બનાવવી, સમજથી પર છે.

જો દેશમાં ગરીબોના ઉત્થાન માટે કેટલીક વસ્તુઓને બંધ જ કરવી છે તો પછી ચોતરફ થઈ રહેલી પૈસાની બરબાદીને પણ રોકવી જોઈએ. લગ્ન-પ્રસંગે કરવામાં આવતા ફાલતુ ખર્ચને રોકવામાં આવે, મોટામોટા સમારોહોમાં થતા પૈસાના દુરુપયોગને અટકાવવામાં આવે, મોટા મોટા ભવ્ય ઘર બનાવવા પર પ્રતિબંધ લાગવો જોઈએ, લાંબી લાંબી મોંઘીદાટ ગાડીઓ પર રોક લગાવવામાં આવે વિ.વિ. આ તથ્યો પણ સામે રહે કે જો કુર્બાનીને બંધ કરીને આ ભરોસે રહેવામાં આવશે કે લોકો કુર્બાનીની રકમ ગરીબોને આપશે તો આ અવ્યવહારિક તથા કાલ્પનિક વાત હશે, અને જેનાથી અંતમાં નુકસાન ગરીબોને જ થશે. ન તો તેમને ભોજન મળશે અને ન જ પૈસા.

**જાનવરોને પણ જીવવાનો અધિકાર છે જેમકે માનવીને**

જાનવરોના જીવવાના અધિકાર પર ઇસ્લામે ખૂબ જ ભાર મૂક્યો છે. કુર્આનમાં અલ્લાહે જણાવ્યું છે કે માનવોની જેમ જાનવરો (પ્રાણીઓ), પક્ષીઓ વિ.ના પણ પોતાના સમૂહ (જૂથ) હોય છે. (કુર્આનઃ ૬-૩૮). અને તેઓ પણ અલ્લાહના ગુણગાન કરે છે, પરંતુ માનવોને આનું જ્ઞાન નથી. (કુર્આનઃ ૨૪-૪૧). ઇસ્લામ શીખવાડે છે કે આ પૃથ્વી પર માનવોની જેમ તેમને પણ જીવવાનો અધિકાર છે. (કુર્આનઃ ૫૫-૧૦)

આ જ કારણ છે કે ઇસ્લામ બિનજરૂરી રીતે અથવા ફક્ત તેના શોખ અથવા રમત માટે કોઈપણ પ્રાણી અથવા અન્ય પ્રાણીનો જીવ લેવાની મનાઈ ફરમાવે છે અને તેમના પર કોઈપણ પ્રકારના અત્યાચાર કરવાની મનાઈ ફરમાવે છે. ઇસ્લામ માને છે કે તમામ જીવો અલ્લાહ તરફથી છે અને દરેકનું રક્ષણ કરવું જોઈએ. અલ્લાહે



આ બધાની જિંદગી એકબીજા પર નિર્ભર બનાવી છે. જમીન પર ચાલતા પ્રાણીઓ તેમના ખોરાક માટે જંતુઓનો ઉપયોગ કરે છે, પક્ષીઓ પણ જંતુઓ ખાઈને તેમનું જીવન નિર્વાહ કરે છે અને જંગલના મોટા પ્રાણીઓ તેમના ખોરાક માટે નાના અને નબળા પ્રાણીઓનો શિકાર કરે છે. આ ઈશ્વરીય નિયમ છે અને તેના હેઠળ આ બધું અસ્તિત્વમાં છે. શું ખોરાક માટે વપરાતા આ બધા પ્રાણીઓને જીવવાનો અધિકાર નથી? અલબત્ત, આ સૌનું જીવન એકબીજા માટે બનેલું છે અને આમાં કોઈ કોઈના પર જુલમ નથી કરતું. આ પૃથ્વી પર માણસનું સ્થાન તમામ જીવોમાં સર્વોચ્ચ છે, તેથી અલ્લાહ દ્વારા બનાવેલા આ નિયમ હેઠળ, તેને અન્ય પ્રાણીઓનો પણ તેના ખોરાક માટે ઉપયોગ કરવાનો અધિકાર મળે છે. આ તેમના અધિકારનું ઉલ્લંઘન નથી પરંતુ તેમના અધિકારનો ઉપયોગ અને તે પ્રાણીઓનો યોગ્ય ઉપયોગ છે. આ તમામ જીવો ફક્ત મનુષ્યો માટે જ બનાવવામાં આવ્યા છે અને માણસ તેનો ઉપયોગ અલ્લાહ દ્વારા નિર્ધારિત મર્યાદામાં કરી શકે છે.

આ રીતે આ વાત સહેલાઈથી સમજી શકાય છે કે કુર્બાની એક ઉપાસના-ઇબાદત છે જે માનવો અને તેમના સર્જનહાર માલિકની વચ્ચે સામિપ્ય પેદા કરવાનું માધ્યમ છે. તેનો આ આશય નથી હોતો કે કુર્બાનીનું લોહી અને માંસ અલ્લાહ સુધી પહોંચાડે, બલ્કે એ તો પોતાના હૃદયની ભાવનાઓને તેની સામે પ્રસ્તુત કરે છે. કુર્આને આ સ્પષ્ટ પણ કરી દીધું છે કે અલ્લાહને લોહી અને માંસ નહી બલ્કે તમારી ધર્મ-પરાયણતા (તકવા, સંયમ) પહોંચે છે.

"ન તો તેમના માંસ અલ્લાહને પહોંચે છે અને ન તો તેમનું લોહી, બલ્કે તેને તો તમારો તકવા (ધર્મ-પરાયણતા) પહોંચે છે." (કુર્આનઃ ૨૨-૩૭)

આ જ ધર્મ-પરાયણતા અને ઈશપરાયણતા છે જે ઇસ્લામ પોતાના અનુયાયીઓમાં પેદા કરવા ચાહે છે અને ઈદુલઅઝ્હાની કુર્બાની આ ભાવનાને પેદા કરવામાં એક સક્ષમ ભૂમિકા ભજવતી આવી છે, અને આગળ પણ નિભાવતી રહેશે.

**કુર્બાનીના લાભ**

કેટલાક લોકો સમજે છે કે જાનવરોની કુર્બાની એક પ્રકારની બલિ છે જેમાં જાનવરને ઝબેહ કરીને તેના

માંસ અને ચામડાને નષ્ટ કરી દેવામાં આવે છે. કુર્બાનીનો આ અર્થ કદાપિ નથી, બલ્કે તેની એક એક વસ્તુને કામમાં લેવામાં આવે છે અને નષ્ટ તથા બરબાદ કરવામાં નથી આવતી. આ દૃષ્ટિએ જો કુર્બાનીનું નિરીક્ષણ કે સમીક્ષા કરવામાં આવે તો આના અગણિત ફાયદા સામે આવે છે.

**આર્થિક લાભ :** એક નાના એવા જાનવરની કુર્બાની પોતાનામાં ઢગલાબંધ આર્થિક લાભ ધરાવે છે જે દેશ અને સમાજની અર્થવ્યવસ્થાનું પૈડું ફરતું રાખવામાં મોટી ભૂમિકા ભજવે છે. આનો સૌથી મોટો લાભ પશુ-ઉદ્યોગને પહોંચે છે. અનુમાન છે કે ભારતમાં દર વર્ષે ઈદુલ અઝ્હા પ્રસંગે એક કરોડથી વધુ જાનવરોની કુર્બાની થાય છે. આ જાનવર કોઈ ઈન્ડસ્ટ્રીથી નહીં બલ્કે ગામડાઓમાં રહેતા ગરીબોના ઘરોથી આવે છે અને કેટલાય ઘર એવા છે જેમણે આને જ પોતાના જીવન-નિર્વાહનું સાધન બનાવી રાખ્યું છે.

કુર્બાનીના મોંઘા જાનવર ખરીદનારા ધનવાન લોકો હોય છે. આ રીતે તેમના પાસેથી દૌલતને ગરીબો સુધી પહોંચાડવાનો આ એક વાર્ષિક કાર્યક્રમ છે, જે દેશની અર્થવ્યવસ્થાને આગળ વધારવામાં સહાયક હોય છે.

દેશનો અબજો રૂપિયાનો ચર્મ-ઉદ્યોગ આ જ જાનવરોથી નીકળનાર ચામડા પર જ પૂરી રીતે નિર્ભર છે. જો કુર્બાની પ્રથા ન હોત તો પગોમાં પહેરવામાં આવતા બૂટ-ચપ્પલ, સૈનિકોના કામની લેધર જેકેટ્સ વિ. માટે તકલીફ ઊભી થઈ જાત.

બ્રિટનના જાણીતા અર્થશાસ્ત્રી જોન મેનાર્ડ ક્રિસના સિદ્ધાંત મુજબ જો કુર્બાનીથી થનારા આર્થિક લાભને માપવામાં આવે તો સહેલાઈથી આ નિષ્કર્ષ કાઢી શકાય છે કે જાનવરોની કુર્બાની એ બહુ મોટું ઈન્વેસ્ટમેન્ટ મલ્ટીલેયર એટલે કે ''દિન દૂની ઔર રાત ચૌગુની'' પ્રગતિ કરનાર છે.

**સામાજિક લાભ :** આર્થિક લાભની સાથે જ કુર્બાનીના ઘણા બધા સામાજિક લાભ પણ છે. હંમેશથી મુસલમાનોની આ રીત રહી છે કે તે કુર્બાનીથી મળનાર એક તૃતિયાંશ ગરીબોમાં વ્હેંચી દે છે. વિચારવાથી સહેલાઈથી આ વાત સમજમાં આવી જાય છે કે ગરીબોને ફાયદો પહોંચાડવા અને તેમની સહાયતા કરવાનો આનાથી મોટો કોઈ તહેવાર દુનિયામાં નથી. કુર્બાનીના માંસનો વેપાર નથી કરી શકાતો, અને ન જ પૂરેપૂરું સ્વયં જ વાપરી શકે છે. કુર્બાનીના અવસરે એવા ગરીબ અને ભૂખ્યા લોકોને પણ ભોજન મળી જાય છે જેમને સામાન્ય દિવસોમાં મળવું મુશ્કેલ કે અશક્ય હોય છે.

ઈસ્લામ એક એવો સમાજ બનાવવા ચાહે છે કે જેમાં અમીર લોકો ગરીબોથી કપાઈને નહીં, બલ્કે તેમને કામ આવવાનો પ્રયત્ન કરે. ઈદુલ અઝહાનો આ તહેવાર અમીર અને ગરીબની વચ્ચેના અંતરને મોટી હદ સુધી મિટાવી દે છે, જ્યારે માંસ લઈને એ ગરીબોના દરવાજે જાય છે.

ઈદનો દિવસ સગા-સંબંધીઓ અને પાડોશીઓ સાથે પોતાના સંબંધના નવીનીકરણનો દિવસ હોય છે. આ દિવસે માત્ર અલ્લાહની ખુશીના માટે જ ભલે માણસ પોતાના નારાજ સગા-સંબંધીઓ અને પાડોસીઓને પણ ગળે લગાવે (ભેટે) છે. આ રીતે સંબંધ સુધારવા અને તેમાં મધુરતા જન્માવવા માટે એક સારો મોકો મળી જાય છે.

**આધ્યાત્મિક લાભઃ** ઈસ્લામ આધ્યાત્મિકતાને તકવા (ઈશ પરાયણતા)નું નામ આપે છે અને કુર્બાની માનવોમાં આ જ તકવા પેદા કરે છે. કુર્બાની વખતે પઢવામાં આવતી દુઆ આધ્યાત્મિકતાની સાચી ભાવનાને વ્યક્ત કરે છે. ''નિઃશંક! મારી નમાઝ અને મારી કુર્બાની, અને મારૂં જીવવું અને મારૂં મરવું ફક્ત તમામ લોકના પાલનહાર પરમેશ્વર (અલ્લાહ) માટે જ હશે.''

—●—

## (એક સંશોધનાત્મક લેખ... ૧૭મા પાનાનું ચાલુ)

આપ (સલ્લ.) એટલા સુંદર, સૌમ્ય, ઓજસ્વી, તેજસ્વી, જ્યોતિર્મય, તીવ્ર બુદ્ધિશાળી, પ્રભાવશાળી, પૂર્ણ-સંપૂર્ણ હતા કે તેમના સમાન કોઈ જન્મ્યું નથી અને જન્મશે પણ નહીં... સૌ મનુષ્યોમાં ઉત્તમ એવા પયગંબર સાહેબ (સલ્લ.)ના યુવાની અને આધેડ વયના અત્યંત કીમતી વર્ષો વિધવાઓ-ત્યક્તાઓ સાથે વીતી ગયા.... અને લોકો તેમના વિશે નિર્લજ્જ, ઘુણાસ્પદ અને નીચ પ્રકારના વાંધાઓ ઉઠાવી રહ્યા છે ! તેમણને શરમ પણ નથી આવતી. તેમને શું કહીશું ? કુરઆને મુસલમાનોને અન્ય ધર્મોના સંત-મહાત્માઓ વિશે અદબ અને એહતેરામથી વર્તવાનો હુકમ આપ્યો છે,

''અને (હે ઈમાનવાળાઓ !) જે લોકો અલ્લાહ સિવાય જેમને પોકારે છે, (ઉપાસના, પ્રાર્થનાઓ, પૂજા-અર્ચના કરે છે) તેમને અપશબ્દો ન કહો. ક્યાંક એવું ન થાય કે લોકો શિર્કથી આગળ વધીને અજ્ઞાનતાના કારણે અલ્લાહને અપશબ્દો કહેવા લાગે. અમે તો આવી જ રીતે દરેક સમૂહ માટે તેમના કર્મોને આકર્ષક બનાવી દીધા છે. પછી તેમને પોતાના રબ તરફ જ પાછા ફરવાનું છે. તે વખતે તેમનો રબ તેમને બતાવી દેશે કે તેઓ શું કરતાં રહ્યા છે?'' (સૂરઃ અનઆમ, ૬ : ૧૦૮) —●—



# અંધકારથી પ્રકાશ તરફ

નસીમ ગાઝી

## માર્ગદર્શન

આજે ઘણી બધી સમસ્યાઓનું ખરું કારણ એક બીજાના વિશે ખરી જાણકારીનું ન હોવું છે. આ ખૂબ જ દુઃખની વાત છે કે માહિતી મેળવવાના આટલા બધા સંસાધનો પ્રાપ્ય હોવા છતાં પણ આપણે સભ્ય તથા શિક્ષિત કહેવાતા લોકો પરસ્પર એકબીજા વિશે અંધારામાં (અજાણ) રહીએ છીએ. જાણકારી ન હોવા અને દ્વેષના કારણે આવું પણ થાય છે કે માનવી એ વાતનો પણ શત્રુ બની જાય છે જે વાસ્તવમાં તેની ભલાઈ અને કલ્યાણની હોય છે. આવું જ કંઈક ઇસ્લામ અને તેના શિક્ષણ સાથે થયું છે અને સતત થઈ રહ્યું છે.

આજે અઝાન અને નમાઝ વિશે જાણકારી (માહિતી) ન હોવાના કારણે વ્યાપક અને ઘણી ગેરસમજો જોવા મળે છે. આ વાત એ સમયે વધુ દુઃખદ બની જાય છે કે જ્યારે કોઈ ખરી જાણકારી વિના ઈસ્લામની આ પવિત્ર તથા કલ્યાણકારી ઉપાસના (ઇબાદત) વિશે સ્હેજેય ખચકાયા વિના અનુચિત ટીકા-ટિપ્પણી કરી દેવામાં આવે છે અને તેના વિશે ખરી-સાચી જાણકારી મેળવવા માટેનો પ્રયત્ન સુદ્ધાં કરવામાં નથી આવતો. આ નીતિને અપનાવનારા સમાજના અનેક વર્ગોના લોકો છે.. શિક્ષિત પણ છે અને જન-સામાન્ય પણ.

ઘણા બધા લોકો અજ્ઞાનતાવશ્ આ સમજે છે કે અઝાનમાં અકબર બાદશાહને પોકારવામાં આવે છે. કબીરદાસ જેવા મહાપુરુષે પણ પોતાની અજાણતાના કારણે અઝાન વિશે આ કહી નાંખ્યુઃ

કંકર પત્થર જોડકે મસ્જિદ લિયા બનાએ

તાપે મુલ્લા બાંગ દે, ક્યા બ્હેરા હુવા ખુદાય

આપણને અને સંપૂર્ણ જગતને સર્વશક્તિમાન અલ્લાહે (ઈશ્વરે) પેદા કર્યા છે. જીવન જીવવવા માટે આપણને જેટલી પણ વસ્તુઓની આવશ્યકતા છે, એ તમામને તેણે જ ઉપલબ્ધ કરાવી છે. જીવન તથા મૃત્યુ તેના જ હાથમાં છે. એ જ પાલનહાર છે. રોજી તેના આપવાથી જ મળે છે. વિનંતી અને પ્રાર્થનાઓને સાંભળનાર અને મુસીબતમાં મદદ કરનાર એ જ છે. વાસ્તવમાં તેના સિવાય કોઈ આપણને લાભ કે હાનિ પહોંચાડવાની શક્તિ નથી ધરાવતો. દુનિયામાં જે કાંઈ છે તેનો સાચો સ્વામી અલ્લાહ-ઈશ્વર જ છે. વાસ્તવિક શાસક પણ એ જ છે. દુનિયાનું આ કારખાનું તેના ચલાવવાથી જ ચાલી રહ્યું છે. એ સર્વ-શક્તિમાન ઈશ્વરનો કોઈ ભાગીદાર નથી. ન તો તેના અસ્તિત્વમાં .. ન તો તેના ગુણોમાં અને ન તો તેના અધિકારોમાં.

ઈસ્લામ નામ, કોઈ વ્યક્તિ-વિશેષ, કોઈ દેશ, અથવા કોઈ અન્ય વસ્તુના નામે નથી. બલ્કે પોતાના વિશેષ ગુણોના કારણે રાખવામાં આવ્યું છે. ઈસ્લામનો શાબ્દિક અર્થ થાય છે "આજ્ઞાપાલન અને સમર્પણ." ઈસ્લામ વાસ્તવમાં નામ છે સ્વયંને ઈશ્વરના પ્રત્યે સમર્પિત કરવાનું અને તેના આદેશોનું સ્વૈચ્છાપૂર્વક પાલન

કરવાનું. ઈસ્લામનું મૂળ શિક્ષણ આ છે કે આજ્ઞાપાલન ફકત અલ્લાહ (ઈશ્વર)નું જ કરવામાં આવે. ઈશ્વરને જ ઉપાસ્ય બનાવવામાં આવે. તેની જ ઉપાસના અને બંદગી કરવામાં આવે. કોઈ અન્યની સામે પોતાનું માથું ઝુકાવવામાં ન આવે, અને સંપૂર્ણ જીવન પ્રેમપૂર્વક ઈશ્વરની દાસતા અને તેના આજ્ઞાપાલનમાં વ્યતીત થાય.

આ વાતોને હંમેશાં યાદ રાખવા, ઈશ્વરની દાસતાનું કર્તવ્ય નિભાવવા, તેના ઉપકારો પર આભાર વ્યક્ત કરવા, ઈશ્વરની સામે પોતાની દાસતાનું પ્રદર્શન કરવા તથા ઈશ્વરની મહાનતા અને સત્તાને સ્વીકાર કરવાની અભિવ્યક્તિ માટે ઈસ્લામે જે ઉપાસના પદ્ધતિ નિર્ધારિત-નક્કી કરી છે તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ ઉપાસના-ઈબાદત ''નમાઝ'' છે.

નમાઝ જો સમજી-વિચારીને અને પૂરા હોશ સાથે પઢવામાં આવે તો એ ન માત્ર આ કે મનુષ્યના આધ્યાત્મિક જીવનને વિકસિત કરે છે, બલ્કે મનુષ્યના સાંસારિક જીવનને બૂરાઈઓ તથા દુર્ગુણોથી મુક્ત કરવા અને તેને એક ઉત્તરદાયી તેમજ સજ્જન વ્યક્તિ બનાવવાની પણ પોતાનામાં શક્તિ ધરાવે છે. આ તથ્ય નમાઝના પૂરા સ્વરુપથી અભિલક્ષિત થાય છે. કુર્આનમાં નમાઝનો ઉદ્દેશ્ય બનાવતાં ઈશ્વરે કહ્યું છેઃ

''નિઃશંક નમાઝ અશ્લીલ-નિર્લજ્જ કર્મો અને બૂરી વાતોથી રોકી દે છે.'' (સૂરઃઅનકબૂત, આયત-૪૫)

જે લોકો જોવામાં તો નમાઝ પઢે છે, પરંતુ નમાઝના આત્મા અને તેની અપેક્ષાથી અજાણ અને લાપરવા છે, તેમના વિશે કુર્આન કહે છેઃ

''પછી વિનાશ છે એ નમાઝ પઢનારાઓ માટે જેઓ પોતાની નમાઝ પ્રત્યે બેદરકારી સેવે છે, જેઓ દેખાડો કરે છે અને સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ (લોકોને) આપવાનું ટાળે છે.'' (સૂરઃમાઊન, આયતઃ૪ થી ૭)

પૈગમ્બર મુહમ્મદ સ.અ.વ.નું કથન છેઃ જેને નમાઝે તેને નિર્લજ્જ તથા બૂરા કાર્યોથી ન રોક્યો તેનાથી તો એ અલ્લાહ (ઈશ્વર)થી વધુ દૂર થઈ ગયો.

ઈસ્લામને અપેક્ષિત આ છે કે માનવ-જીવન નમાઝને અનુરૂપ હોય. નમાઝ જીવનનો સારાંશ અને માનવ-જીવન નમાઝની વ્યાખ્યા સિદ્ધ થાય. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે આવશ્યક છે કે નમાઝ સમજી-વિચારીને પઢવામાં આવે. નમાઝ પઢતી વખતે મનુષ્યને આ ધ્યાન રહે કે તે પોતાના પાલનહાર પ્રભુ સમક્ષ ઊભો છે અને તેને જ તે વિનંતી-પ્રાર્થના કરી રહ્યો છે. આ ધ્યાન તો અવશ્ય મનમાં રહેવું જોઈએ કે અલ્લાહ (ઈશ્વર) તેને જોઈ રહ્યો છે અને તેની વાતો સાંભળી રહ્યો છે. નમાઝથી પૂરો લાભ ઉઠાવવા માટે આ પણ જરૂરી છે કે મનુષ્ય પોતાનું આત્મ-નિરીક્ષણ કરતો રહે અને નમાઝમાં તેણે પોતાના પ્રભુને જે પણ વાયદો કર્યો છે, વચન આપ્યા છે, તેમને પૂરા કરવા માટે પૂરેપૂરો પ્રયત્ન કરે.

નમાઝ પઢવા માટે મનની શુદ્ધતા ઉપરાંત મનુષ્યના શરીર, વસ્ત્ર અને જગ્યાનું સ્વચ્છ હોવું પણ અનિવાર્ય છે. દિવસમાં પાંચ વખત દરેક નમાઝ (ઈશ્વરની ઉપાસના)થી પહેલાં અઝાન આપવામાં આવે છે. કેટલાક લોકો જાણકારી ન હોવાના લીધે આ સમજે છે કે અઝાનમાં બૂમો પાડી પાડીને ઈશ્વરને પોકારવામાં આવે છે. આ વિચાર તદ્દન ખોટો અને અજ્ઞાનતા પર આધારિત છે. ''અઝાન''નો અર્થ છે લોકોને નમાઝ માટે બોલાવવા. એક વ્યક્તિ કે જેને ''મુઅઝ્ઝિન'' એટલે કે અઝાન આપનાર કહેવામાં આવે છે, મોટા સાદે ઈશ્વરનો વાસ્તો આપીને લોકોને સામૂહિક રૂપથી મસ્જિદમાં નમાઝ માટે પોકારે છે. અઝાન અરબી ભાષામાં કહેવામાં આવે છે, જેના શબ્દો આ પ્રકારના છેઃ

*અલાહુ અકબર, અલ્લાહુ અકબર*
*(ઈશ્વર જ મહાન છે, ઈશ્વર જ મહાન છે.)*
*અશ્હદુ-અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ, અશ્હદુ-અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ*
*(હું સાક્ષી આપું છું કે ઈશ્વર સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. હું સાક્ષી આપું છું કે ઈશ્વર સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી.)*
*અશ્હદુ અન્-ન મુહમ્મદુર્ રસૂલુલ્લાહ, અશ્હદુ અન્-ન મુહમ્મદુર્ રસૂલુલ્લાહ.*
*(હું સાક્ષી આપું છું કે મુહમ્મદ સ.અ.વ. ઈશ્વરના સંદેશવાહક છે. હું સાક્ષી આપું છું કે મુહમ્મદ સ.અ.વ. ઈશ્વરના સંદેશવાહક છે.)*
*હૈય્ય- અલસ્સલાહ, હૈય્ય- અલસ્સલાહ*
*(આવો નમાઝની તરફ, આવો નમાઝની તરફ)*
*હૈય્ય- અલલ ફલાહ, હૈય્ય- અલલ ફલાહ*
*(આવો સફળતા અને ભલાઈ તરફ, આવો સફળતા અને ભલાઈ તરફ)*
*અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર*
*(ઈશ્વર જ મહાન છે.. ઈશ્વર જ મહાન છે.)*
*લા ઈલાહ ઈલ્લલ્લાહ*
*(ઈશ્વર સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી)*

નોંધઃ સૂર્યોદય પહેલાં નમાઝ માટે જે અઝાન આપવામાં આવે છે તેમાં આ શબ્દો સામેલ કરવામાં આવે છેઃ

*અસ્સલાતુ ખૈરુમ્મિનન-નૌમ, અસ્સલાતુ ખૈરુમમિનન-નૌમ*
*(નમાઝ ઊંઘથી બહેતર છે, નમાઝ ઊંઘથી બહેતર છે.)*

આ છે અઝાન અને તેના શબ્દો નો સાર. આના દ્વારા એ તમામ લોકોને નમાઝ માટે પોકારવામાં આવે છે જે એક ઈશ્વરમાં આસ્થા ધરાવે છે અને મુહમ્મદ સ.અ.વ.ને ઈશ્વરના અંતિમ પૈગમ્બર અને સંદેશવાહક માને છે. —•—

**શૈક્ષણિક ચિંતન**



**નઈમ અલ હિંદી**

# પઢો! પોતાના રબના નામની સાથે...

આપણને એક બહેતર દુનિયા તથા ખુશહાલ સમાજના નિર્માણ તેમજ વિશ્વ-વ્યાપી નાગરિકતાને ઘોષિત કરવા માટે સારા શિક્ષણની આવશ્યકતા છે. તમામ નાગરિકોને સારામાં સારૂં શિક્ષણ મળી શકે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારોની હોય છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૩ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ વૈશ્વિક શાંતિ અને વિકાસમાં શિક્ષણની ભૂમિકાને વધારવા માટે ૨૪ જાન્યુઆરીના દિવસને દર વર્ષે મનાવવાનો નિર્ણય કર્યો. આના પછીથી આ દિવસ આ ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ઉજવાતો રહ્યો.

આગળ વધવા, જીવનને નવી દિશા આપવા અને આપણા વ્યક્તિત્વના નિર્માણમાં શિક્ષણની ભૂમિકાને દોહરાવવાની આવશ્યકતા નથી. શિક્ષણ કોઈ પણ સમાજની પ્રગતિનો અરીસો હોય છે. સમાજ જેટલો શિક્ષિત હશે તે પોતાના કર્તવ્યોનો ખરી રીતે નિર્વાહ કરી શકશે.

શિક્ષણનું બીજું પાસું આ પણ છે કે જો આ નૈતિક મૂલ્યોથી પરિપૂર્ણ ન હોય તો ઘાતક પણ પુરવાર થઈ શકે છે. આથી ધર્મનું જ્ઞાન અને નૈતિક મૂલ્યો પર આધારિત શિક્ષણ એક સભ્ય સમાજના નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં વ્યવસ્થિત જ્ઞાનનું પોતાનું એક અલગ-આગવું મહ્ત્વ હોય છે. ઈસ્લામે ઇલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવા માટે પ્રેરિત પણ કર્યા છે. ઈસ્લામમાં ઇલ્મની હૈસિયત અને તેના મહત્ત્વનો અંદાજો આ વાતથી થઈ જાય છે કે લગભગ સાડા ચૌદ સો વર્ષ પહેલાં જ્યારે ઈશગ્રંથ કુર્આનનું ઉતરાણ થયું તો તેનો પ્રથમ શબ્દ "ઇકરા" છે, જેનો અર્થ થાય છે "પઢો."

કુર્આનમાં છેઃ પઢો (હે નબી), પોતાના રબના નામની સાથે જેણે પેદા કર્યા. (સૂરઃઅલક, આયત-૧)


કુર્આનના ઉતરાણની શરૂઆત જ પઢવાના આહ્વાનની સાથે થઈ છે. જ્ઞાનના મહત્ત્વને દર્શાવતાં એક બીજી જગ્યાએ કુર્આન કહે છેઃ આમને પૂછો, શું જાણનારા અને નહીં જાણનારા બન્ને ક્યારેય સમાન હોઈ શકે છે? (સૂરઃઝુમર, આયત-૯)

એક અન્ય જગ્યે કુર્આન કહે છેઃ અને દુઆ કરો કે હે પાલનહાર! મને ઓર વધુ જ્ઞાન અર્પણ કર. (સૂરઃતાહા, આયત-૧૧૪)

જ્ઞાન પ્રાપ્ત કરવાના સંદર્ભમાં ઈશ્વરના અંતિમ ઈશદૂત હઝરત મુહમ્મદ સ.અ.વ.એ કહ્યું કેઃ માતાની ગોદથી લઈને કબ્ર સુધી ઇલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરતા રહો.

એક અન્ય જગ્યાએ હઝરત મુહમ્મદ સ.અ.વ.નું કથન છેઃ જે ઇલ્મ (જ્ઞાન) શોધવા માટે એક માર્ગનું અનુસરણ કરે છે, તો ઈશ્વર (અલ્લાહ) તેના માટે સ્વર્ગનો માર્ગ સરળ કરી દે છે. (ઇબ્ને માજહ)

ઈસ્લામના મહાન અને પ્રભાવશાળી શિક્ષણ-વિદોમાં એક મોટું નામ ઈમામ ગઝાલી રહ.નું આવે છે, જેમણે અનેક જગ્યાએ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ૩૮ વર્ષ વિતાવ્યા અને એ સમયની વિવિધ વિચારધારાઓનું




અધ્યયન કર્યું. તેમણે પોતાના વ્યક્તિગત્ અનુભવોનો ઉપયોગ કરતાં એના દ્વારા નિષ્કર્ષ કાઢ્યું, જેને ઙ્ઠી ઈન્દ્રીય કહે છે, જો કે તે આપણને સત્ય તરફ લઈ જઈ શકે છે.

ઈશ્વરીય રહસ્યોદ્‌ઘાટન (ઈલ્હામ) તર્ક કરતાં શ્રેષ્ઠ છે, પરંતુ આ ફક્ત ચૂંટાયેલ (પસંદ કરાયેલ) વ્યક્તિઓને જ ઈશ્વર દ્વારા આપવામાં આવે છે, જેમને પૈગમ્બર (ઈશદૂત) કહેવામાં આવે છે. મનુષ્યોને આપવામાં આવેલ કારણો અને તર્કોની પણ પોતાની સીમાઓ છે અને તે આ પૂર્ણ સત્યને પ્રાપ્ત નથી કરી શકતા. ઈમામ ગઝાલી રહ. ઈસ્લામી વિચારધારામાં જ્ઞાનના મહત્ત્વ પર વિશેષ પ્રકાશ પાડ્યો. તેમના અનુસાર જ્ઞાન આપણને ઈશ્વરની સમીપ લાવી શકે છે અને સાથે જ સાંસારિક માન-સન્માન, પદ અને પ્રતિષ્ઠાને પણ વધારી શકે છે. તેમના અનુસાર જ્ઞાન સાપેક્ષ નથી, બલ્કે સ્વયં પોતાનામાં એક સત્તા છે. તે વ્યક્તિને દરેક પ્રકારની ઊંચાઈ પર લઈ જઈ શકે છે.

ઈસ્લામમાં જ્ઞાન પ્રાપ્ત કરવું, એક લક્ષ્યના રૂપમાં નથી, બલ્કે એક વધુ ઉન્નત નૈતિક અને આધ્યાત્મિક ચેતનાને પ્રોત્સાહિત કરવાના સાધનના રૂપમાં છે. યૂનાની દાર્શનિક એરિસ્ટોટલ (અરસ્તુ) મુજબ સંસારમાં બે પ્રકારની રચનાઓ છે. અર્થાત્ પૂર્ણ રચના જેમકે ચંદ્ર, સૂર્ય વિ. બીજી અપૂર્ણ રચના જેમકે વૃક્ષના બીજ. જે આ અર્થમાં અપૂર્ણ છે કે તેમાં વૃક્ષ બનવાની ક્ષમતા છે. ઈમામ ગઝાલી રહ.ના અનુસાર મનુષ્ય અપૂર્ણ પ્રાણી છે અને બીજ સમાન છે, તેમાં પરિપૂર્ણ બનવાની ક્ષમતા હોય છે, ફક્ત ઉપયુક્ત પરિસ્થિતિઓનીજ આવશ્યકતા હોય છે.

શિક્ષણ, જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે. આથી શિક્ષણનો ઉદ્દેશ્ય એવો હોવો જોઈએ કે આનાથી પ્રાપ્ત થનાર જ્ઞાન વ્યક્તિ અને સમાજ બન્ને માટે ઉપયોગી પુરવાર થઈ શકે. એટલે કે શિક્ષણથી વ્યક્તિનું ચારિત્ર્ય નિર્માણ થવું જોઈએ, કે જેથી તે સારા અને નરસામાં ભેદ કરી શકે અને ખરાબ માર્ગે જવાથી બચી શકે. આ સંદર્ભમાં જે સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય છે તે આ છે કે માનવ-સ્વભાવ સારપ ઉપર આધારિત છે કે બૂરાઈ પર. ઈમામ ગઝાલી રહ. કુર્આન અને હદીસના સંદર્ભે પોતાના વિચારો પ્રસ્તુત કરતાં જણાવ્યું કે અચ્છાઈ કે બૂરાઈ ભૌતિક નથી અને ન જ પ્રાકૃતિક છે. શિક્ષણ અને પ્રશિક્ષણથી મનુષ્યને બદલી શકાય છે.

## ગ ઝ લ

ચલને લગે હૈં હમ ભી ઝમાને કે સાથ-સાથ
રસ્મેં ખરીદ લીં હૈં દિખાવે કે સાથ-સાથ

ઝાલિમકી દોસ્તીકા નતીજા યે હી હુવા
ખુદ ગિર ગયા વો ઉસ્કો બચાને કે સાથ-સાથ

ફિરતે હૈં ખાલી હાથ કોઈ પૂછતા નહીં
રિશ્તે ભી ખો ગએ હૈં ખસારેકે સાથ-સાથ

ઈન રેહબરોં પે આપ ભરોસા ન કીજિયે
યે ભી બદલ ગએ હૈં ઝમાને કે સાથ-સાથ

મરને કે બાદ કુછ નહીં, રિશ્તા ન દોસ્તી
એક બે-કસી ચલી હૈ જનાઝે કે સાથ-સાથ

પાની સે દૂર મૌજે-હવાદિસસે ડર ગએ
કૈસે ચલેંગે આપ કિનારેકે સાથ-સાથ

અબ ઔર કયા કરેંગે યે શોહરત પસંદ લોગ
કુછ કામ ભી કિયા તો દિખાવે કે સાથ-સાથ

'મિર્ઝા' કિસી યતીમ કી રોટી ન છીનિયે
યે ઝહર બન ન જાએ નિવાલે કે સાથ-સાથ

*-ઈકબાલબેગ 'મિર્ઝા'*
*અહમદાબાદ, ગુજરાત (મોઃ ૯૫૩૭૮૨૨૮૯૯)*

# વીડિયો એડિટિંગ: અસંખ્ય અવસરો ધરાવતું ક્ષેત્ર



કરિયર

સંપાદક મંડળ

કોઈ ફિલ્મ, ડોક્યુમેન્ટ્રી, સમાચાર કે ઈન્ટરવ્યૂની શૂટિંગ બાદની ક્રિયાઓમાંથી સૌથી જરૂરી હોય છે વીડિયો એડિટિંગ. કોમ્પ્યુટરની મદદથી આ કાર્યથી જોડાયેલ કાર્યના અનોખા પાસા સામે આવી ગયા છે. આજે પ્રત્યેક ઈલેક્ટ્રોનિક મીડિયા ફિલ્મ નિર્માણ કંપની તથા સ્ટૂડિયોમાં એડિટરોની ભારે માગ છે. કલ્પનાશીલતા આ કાર્યની પ્રથમ શરત છે, જેના આધારે એક વીડિયો એડિટર એડિટિંગના આધારે એક વીડિયો એડિટર એડિટિંગના માધ્યમથી કોઈ વીડિયોને આકાર આપે છે.

**શું છે આ વીડિયો એડિટિંગ**

જો તમારામાં વિઝ્યુઅલને સમજવા અને તેમનું તુરત જ મૂલ્યાંકન કરવાની ક્ષમતા છે તો વીડિયો એડિટિંગનો કોર્સ તમારા માટે બહેતર હોઈ શકે છે. આજકાલ એડિટિંગની લેટેસ્ટ ટેકનોલોજીના લીધે વીડિયો એડિટર્સની ડિમાંડ નિરંતર વધતી જઈ રહી છે. કેમકે કોઈ પણ ફિલ્મ કે ટી.વી. પ્રોગ્રામના કલ્પના વીડિયો એડિટર્સ વિના શક્ય નથી. એક અનુમાન અનુસાર નજીકના ભવિષ્યમાં એક લાખની વધુ પ્રશિક્ષિત વીડિયો એડિટર્સની ડિમાંડ હશે.

વીડિયો એડિટિંગ હેઠળ એડિટિંગના કન્સેપ્ટ અને તેનાથી જોડાયેલ વસ્તુઓ વિશે વિસ્તારથી બતાવવામાં આવે છે. ફુટેજની કેપ્ચરિંગ ફુટેજને એડિટ કરવાથી લઈને કયા વિઝ્યુઅલ્સને ક્યાં ફિટ કરવાના છે, મ્યુઝિક અને સાઉન્ડને કેવી રીતે મિક્સ કરવાનો છે, આ તમામ કામ વીડિયો એડિટિંગમાં નિષ્ણાંત એડિટરો જ કરી શકે છે. આના માટે થીયરી અને પ્રેક્ટિકલ એમ બન્ને પ્રકારની ટ્રેનિંગ જરૂરી છે.




**મુખ્ય કોર્સ**

સર્ટિફિકેટ કોર્સ ઈન વીડિયો એડિટિંગ, ડિપ્લોમા ઈન ફિલ્મ એડિટિંગ, ડિપ્લોમા ઈન વીડિયો એડિટિંગ એન્ટ સાઉન્ડ રેકોર્ડિંગ, ડિપ્લોમા ઈન પોસ્ટ પ્રોડકશન વીડિયો એડિટિંગ વિ. આ ક્ષેત્ર સંબંધિત મુખ્ય કોર્સ છે. આ કોર્સ દેશના વિવિધ ખાનગી અને સરકારી સંસ્થાનોમાં ઉપલબ્ધ છે. અલગ-અલગ પાઠ્યક્રમોની મુદત અલગ અલગ હોઈ શકે છે. રેગ્યુલર કોર્સ ઉપરાંત આ ક્ષેત્રમાં વિભિન્ન શોર્ટ ટર્મ કોર્સ પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત કેટલીય સંસ્થાઓમાં ઉચ્ચ સ્તરીય સ્પેશ્યલાઈઝ્ડ કોર્સ પણ છે.

**શૈક્ષણિક યોગ્યતા**

આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે આમ તો ૧૨ પછી જ રસ્તા ખુલી જાય છે, પરંતુ ડિગ્રી તથા ડિપ્લોમા માટે કોઈ પણ સબ્જેક્ટમાં ગ્રેજ્યુએટ હોવું જરૂરી



છે. આમાં શોર્ટ ટર્મ કોર્સ પણ ઉપલબ્ધ છે. જો કોઈ ચેનલમાં નોકરી મેળવવા ચાહો છો તો ગ્રેજ્યુએટ હોવું જરૂરી છે.

**વ્યક્તિગત યોગ્યતા**

એક સફળ વીડિયો એડિટર બનવા માટે વ્યક્તિને કલ્પનાશીલ હોવું જરૂરી છે, કે જેથી સીન (દૃશ્ય)ની જરૂરતને સમજતાં યોગ્ય સાઉન્ડની મિકસિંગ કરી શકાય. જે શૂટ કરેલા સીન (દૃશ્ય)ને વિભિન્ન સોફ્ટવેરની મદદની ઈફેક્ટિવ (અસરકારક) એડિટિંગ કરવામાં રુચિ ધરાવે છે તેમના માટે વીડિયો એડિટિંગનો પ્રોફેશન (વ્યવસાય) અત્યંત ઉજ્જવળ છે. એન્ટરટેઈન્મેન્ટ તથા મીડિયા ઈન્ડસ્ટ્રીથી જોડાયેલ આ પ્રોફેશન (વ્યવસાય)માં પૈસા પણ છે અને રોજગારના અવસર પણ. ન્યૂઝ એન્ટરટેઈન્મેન્ટ ચેનલ્સ, મ્યુઝિક વર્લ્ડ, ફીચર વિજ્ઞાપન એજન્સી, ફિલ્મ, ટી.વી.માં રોજગારની ભરપૂર તકો છે. આના સિવાય પોસ્ટ પ્રોડકશન સ્ટૂડિયો, ટી.વી. ચેનલો વિ.માં શોર્ટ ટર્મ કોન્ટ્રાક્ટ પર પણ કામ મળે છે.

**અવસર તથા શકયતાઓ**

મોટાભાગના ઓર્ગેનાઈઝેશનને વીડિયો એડિટર્સની જરૂરત પડે છે. માર્કેટમાં ન્યૂઝ ચેનલ્સ, પ્રોડકશન હાઉસ, ઓન લાઈન મીડિયા હાઉસ, યુ-ટ્યૂબ ચેનલ્સ વિ. જગ્યાઓ પર વીડિયો એડિટર્સની માગ છે. આ કોર્સ તમને ઘેર બેઠા-બેઠા પણ જૉબની અનેક તકો આપી શકે છે. જી હા, તમે પોતે પોતાની ચેનલ પણ ખોલી (શરૂ કરી) પોતાની વીડિયો બનાવીને પોતે જ એડિટ કરીને એક સારી એવી કમાણી કરી શકો છો. —●—


અસલ રાંદેરના જુના અને જાણીતા હાડવૈદ™

**ડૉ. ઇસ્માઇલભાઈ લાલા**

હાડ વૈદ્ય

ડી.ઓ.એમ., એન.ડી., એમ.ડી. (હર્બલ)

નસ તથા હાડકાના રોગોના નિષ્ણાંત, ઓપરેશન વગર સારવાર

**M. 98241 82055, 97126 55055**

ફ્રેકચર, હાડકાઓનું ગંભીર રીતે ભાંગી જવું, હાડકાના ચૂરેચૂરા થઈ જવા, સાંધાઓનું ઉતરવું, હાડકાનો જૂનો દુ:ખાવો, સ્લીપ ડિસ્ક તથા ખોડ ખાંપણની ખાત્રીપૂર્વક ઉપચાર કરી આપીશું.

Choose with no Regrets

An ISI 9001 : 2015 Certified Clinic


કયોર કિલનીક

અડાજણ ક્લિનીક :
એલ-૮, શાકુંતલ કોમ્પ્લેક્ષ,
સંઘવી ટાવરની બાજુમાં,
અડાજણ રોડ, સુરત - ૩૫૯૦૦૯
(ગુજરાત) ભારત.
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦
(રવિવારે રાબેતા મુજબ, શુક્રવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૮૬૦૫૫

રાંદેર ક્લિનીક:
જી-૧, અમન એપાર્ટમેન્ટ,
નાની પારસીવાડ, રાંદેર ગામ,
સુરત - ૩૯૫ ૦૦૫ (ગુજરાત) ભારત.
સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦
(રવિવારે ૪.૦૦ થી ૬.૦૦, ગુરૂવારે બંધ)
ફોન: ૦૨૬૧ - ૨૭૭૬૦૫૫

એપોઇન્ટમેન્ટ લઈને આવવું.

અન્ય કોઈ શાખા નથી.



વાર્તા

# ઠાકોરનો કૂવો

## મુન્શી પ્રેમચંદ

જોખૂએ લોટો મોઢે લગાવ્યો તો પાણીમાં સખત દુર્ગંધ આવી. ગંગીને કહ્યું, ''આ કેવું પાણી છે? દુર્ગંધના લીધે પીવાતું પણ નથી. ગળું સૂકાઈ રહ્યું છે અને તું સડેલું પાણી પીવડાવી રહી છે.!''

ગંગી દરરોજ સાંજે પાણી ભરી લેતી હતી. કૂવો દૂર હતો. વારંવાર જવું મુશ્કેલ હતું. કાલે એ પાણી લાવી, તો તેમાં દુર્ગંધ બિલકુલ ન હતી, આજે પાણીમાં દુર્ગંધ કેવી! લોટો નાકે લગાવ્યો, તો ખરેખર દુર્ગંધ હતી. ચોક્કસ કોઈ જાનવર કૂવામાં પડીને મરી ગયું હશે, પરંતુ બીજું પાણી લાવે ક્યાંથી?

ઠાકોરના કૂવા પર જવા કોણ દેશે? દૂરથી જ લોકો ધમકાવશે. સાહૂનો કૂવો ગામના એ (દૂરના) છેડે છે, પરંતુ ત્યાં પણ કોણ પાણી ભરવા દેશે? કોઈ ત્રીજો કૂવો ગામમાં છે નહીં.

જોખૂ કેટલાય દિવસોથી બીમાર છે. થોડીક વાર તો તરસ રોકી ચૂપ પડ્યો રહ્યો, પછી બોલ્યો, ''હવે તો તરસના લીધે રહેવાતું નથી, થોડુંક પાણી નાક બંધ કરી પી લઉં.''

ગંગીએ પાણી ન આપ્યું. ખરાબ પાણીથી બીમારી વધી જશે એટલું તે જાણતી હતી, પરંતુ આ જાણતી ન હતી કે પાણીને ઉકાળી લેવાથી તેની ખરાબી દૂર થઈ જાય છે. બોલી, ''આ પાણી કેવી રીતે પીશો? કોણ જાણે ક્યું જાનવર મર્યું છે. કૂવામાંથી હું બીજું પાણી લાવી આપું છું.''

જોખૂએ આશ્ચર્યથી તેની તરફ જોયું, ''પાણી ક્યાંથી લાવીશ?''

ઠાકોર અને સાહૂના બે કૂવા તો છે. શું એક લોટો પાણી નહીં ભરવા દે?

''હાથ-પગ તોડાવીને આવીશ અને કંઈ નહીં થાય. ચુપચાપ બેસી રે. બ્રહ્મ-દેવતા આશીર્વાદ આપશે. ઠાકોર લાઠી મારશે, સાહૂજી એકના પાંચ લેશે. ગરીબોની પીડા કોણ સમજે છે! આપણે તો મરી પણ જઈએ છીએ તો કોઈ દ્વારે ઝાંખવા પણ નથી આવતું, ખભો આપવો તો દૂરની વાત છે. આવા લોકો કૂવાથી પાણી ભરવા દેશે?''

આ શબ્દોમાં કડવું સત્ય હતું. ગંગી શું જવાબ આપતી, પરંતુ તેણે એ દુર્ગંધયુક્ત પાણી પીવા ન દીધું.

રાતના ૯ વાગ્યા હતા. થાક્યા-પાક્યા મજૂરો તો સૂઈ ગયા હતા, ઠાકોરના દરવાજા પર પાંચ-દસ નફિકરા એકત્ર હતા. મેદાની બહાદુરીનો તો ન તો હવે જમાનો રહ્યો છે અને ન તો મોકો. કાનૂની બહાદુરીની વાતો થઈ રહી હતી. કેટલાક ચાલાક ઠાકોરે થાનેદારને એક ખાસ કેસમાં

રુશ્વત આપી અને છૂટી ગયા. કેટલી બુદ્ધિમત્તાથી એક મહત્ત્વના કેસની નકલ લઈ આવ્યા. નાઝિર અને મોહતમિમ, બધા જ કહેતા હતા કે નકલ (કોપી) નથી મળી શકતી. કોઈ પચાસ માગતો, તો કોઈ સો. અહીં પૈસા વિના જ નકલ (કોપી) ઉડાવી દીધી. કામ કરવાની રીત (આવડત) જોઈએ. આ જ સમયે ગંગી કૂવા પર પાણી લેવા પહોંચી.

દીવાનો આછો આછો પ્રકાશ કૂવા પર આવી રહ્યો હતો. ગંગી કૂવાની પાળની ઓથે બેસી મોકાની રાહ જોવા લાગી. આ કૂવાનું પાણી આખું ગામ પીવે છે. કોઈના માટે રોક-ટોક નથી, ફક્ત આ કમનસીબ નથી ભરી શકતા.

ગંગીનું વિદ્રોહી હૃદય રિવાજી પ્રતિબંધો અને મજબૂરીઓ પર પ્રહાર કરવા લાગ્યું, ''અમે કેમ નીચ-નિમ્ન છીએ અને આ લોકો કેમ ઉચ્ચ છે? એટલા માટે કે આ લોકો ગળામાં એક દોરો (જનોઈ)નાખી લે છે? અહીં તો જેટલા છે, બધા એકથી એક પંકાયેલા છે. ચોરી આ કરે, છળ-કપટ આ કરે, જૂઠા કેસ આ કરે. હમણા આ ઠાકોરે તો એ દિવસે બિચારા ઢોર ચારનારનું ઘેટું ચોરી લીધું હતું અને પાછળથી મારીને ખાઈ ગયો. આ જ પંડિતના ઘરમાં તો બારે માસ જુગાર ચાલે છે. આ જ સાહૂજી તો ઘીમા તેલ ભેળવીને વેચે છે. કામ કરાવી લે છે, મજૂરી આપતાં તો તેની નાની મરી જાય છે. ઘણીબધી વાતમાં અમારાથી ઊંચા છે. અમે શેરીએ શેરીએ બરાડતા નથી કે અમે ઊંચા છીએ, અમે ઊંચા. ક્યારેક ગામમાં આવી જાઉં છું, તો રસ-ભરી નજરે જોવા લાગે છે. જાણે કે સૌની છાતી પર સાપ આળોટવા લાગે છે, પરંતુ ઘમંડ આ કે અમે ઊંચા છીએ.''

કૂવા પર કોઈના આવવાનો હળવો અવાજ આવ્યો. ગંગીની છાતી ધક્-ધક્ કરવા લાગી. ક્યાંક જોઈ લે ગજબ થઈ જાય. એક લાત પડે. તેણે ઘડો અને રસ્સી ઉઠાવી લીધી અને ઝૂકીને ચાલતાં ચાલતાં એક ઝાડના અંધારા પડછાયામાં જઈ ઊભી થઈ ગઈ. આ લોકોને દયા આવે છે કોઈના પર ! બિચારા મંગૂને એટલો માર્યો કે મહિનાઓ સુધી લોહી થૂંકતો રહ્યો. તે એટલા માટે કે તેણે વેઠ આપી ન હતી. આના પર તેઓ ઊંચા બને છે.

કૂવા પર સ્ત્રીઓ પાણી ભરવા આવી હતી. તેમની વચ્ચે વાત ચાલી રહી હતીઃ

''ખાવાનું ખાવા ચાલ્યા અને હુકમ થયો કે તાજું પાણી ભરી લાવો. ઘડા માટે પૈસા નથી.''

''અમો લોકોને આરામથી બેસેલ જોઈને જાણે કે પુરુષોને ઈર્ષ્યા થાય છે.''

''હા, આ તો ન થયું કે કળસલી ઉપાડી ભરી લાવતા. બસ હુકમ કરી દીધો કે તાજું પાણી લાવ, જાણે કે અમો દાસીઓ જ છીએ.''

''દાસીઓ નથી તો બીજું શું છો તમો? રોટી-કપડા નથી રળતી? પાંચ-દસ રૂપિયા પણ ઝુંટવીને લઈ જ લો છો. તો દાસીઓ કેવી હોય છે?''

વધુ લજ્જિત ન કરો બેન! પળ-ભર આરામ કરવાનું મન તરસીને રહી જાય છે. આટલું કાર્ય બીજાના ઘરે કરી આપતી તો આના કરતાં વધુ આરામમાં રહેતી. વધારામાં તે ઉપકાર માનતો! અહીં કામ કરતાં કરતાં મરી જાય, પરંતુ કોઈનું મોઢું જ સીધું નથી રહેતું.

બન્ને પાણી ભરીને જતી રહી, તો ગંગી વૃક્ષના અંધારા છાંયડામાંથી નીકળી અને કૂવાની પાળ પાસે આવી. નફિકરા ચાલ્યા ગયા હતા. ઠાકોર પણ દરવાજો બંધ કરી અંદર આંગણાંમાં સૂવા જઈ રહ્યા હતા. ગંગીએ ક્ષણિક સુખનો શ્વાસ લીધો. કોઈ રીતે મેદાન તો સાફ થયું. અમૃત ચોરી કરવા માટે રાજકુમાર કોઈ જમાનામાં ગયો હતો, એ પણ કદાચ આટલી સાવધાની સાથે અને સમજી-વિચારીને નહીં ગયો હોય. ગંગી દબાતા પગલે કૂવાની પાળ પર ચઢી. જીતનો આવો અનુભવ તેને પહેલાં ક્યારેય થયો ન હતો.

તેણે રસ્સી (દોરડા)નો ગાળિયો ઘડામાં નાખ્યો. ડાબે-જમણે સાવચેત નજરે તેણે જોયું કે જાણે કોઈ સૈનિક શત્રુના કિલ્લામાં બાકોરૂં પાડી રહ્યો હોય. જો આ સમયે તે પકડાઈ ગઈ, તો પછી તેના માટે માફી કે છૂટછાટની રજમાત્ર પણ આશા નથી. અંતમાં તેણે દેવતાઓને યાદ કરીને કાળજું કઠણ્ કર્યું અને ઘડો કૂવામાં નાખી દીધો.

ઘડાએ પાણીમાં ડૂબકી લગાવી, ખૂબ જ ધીમેથી, જરા પણ અવાજ ન થયો. ગંગીએ બે-ચાર હાથ જલ્દી જલ્દી માર્યા. ઘડો કૂવાના મુખ સુધી આવી પહોંચ્યો. કોઈ શક્તિશાળી પહેલવાન પણ આટલી ઝડપથી ખેંચી શકતો ન હતો.

ગંગી ઝૂકી કે ઘડાને પકડીને કૂવાની પાળી પર મૂકે કે અચાનક ઠાકોર સાહેબનો દરવાજો ખુલી ગયો. વાઘનું મોઢું આનાથી વધારે ભયાનક નહીં હોય.

ગંગીના હાથમાંથી રસ્સી છૂટી ગઈ. રસ્સીની સાથે ઘડો ધડામથી પાણીમાં પડ્યો અને કેટલીય ક્ષણો સુધી પાણીમાં અવાજ સંભળાતા રહ્યા.

ઠાકોર કોણ છે, કોણ છે.. પોકારતા પોકારતા કૂવા તરફ આવી રહ્યા હતા અને ગંગી કૂવાની પાળી પરથી કૂદીને નાસી રહી હતી.

ઘરે જઈને જોયું કે જોખૂ લોટો મોઢે લગાવીને એ જ મેલું-ગંદુ પાણી પી રહ્યો છે. —●—

બાળજગત

# નમાઝમાં જલ્દી ન કરવી...

– માઇલ ખૈરાબાદી



એક હતો અલ્લુ - એક હતો મલ્લુ - એક હતા અમે - ત્રણે ફરવા નીકળ્યા - રસ્તામાં નમાઝનો સમય થઈ ગયો - અલ્લુ - મલ્લુ અને અમે - મસ્જિદમાં જમાઅતથી નમાઝ થઈ રહી હતી - અલ્લુ - મલ્લુ અને અમે વુઝુ કરવા લાગ્યા - એટલામાં ઈમામ સાહેબ રુકુઅમાં ગયા - ઈમામના પાછળ નમાઝીઓ પણ રુકુમાં ગયા - આ જોઈને અલ્લુ રકઅત છૂટી ન જાય એ લાલચે દોડ્યો - મલ્લુ પણ તેને જોઈને દોડ્યો - અમે ના પાડી - દોડો નહીં - મસ્જિદમાં ન દોડાય - પણ અલ્લુ-મલ્લુએ તો અમારી વાત ન સાંભળી - દોડીને નમાઝમાં શામેલ થઈ ગયા - પણ અમે તો ન જ દોડ્યા.

નમાઝ પઢી લીધા પછી - અમે તે બંનેને કહ્યું : અલ્લાહના પ્યારા રસૂલ ﷺ નો હુકમ છે કે, “દોડીને જમાઅતમાં શામેલ ન થાવ - જો કોઈ રકઅત છૂટી જાય તો તેને પછીથી પૂરી કરી લો” - અલ્લુ-મલ્લુએ સાંભળ્યું તો બોલ્યા : “આ આપણા પ્યાર રસૂલુલ્લાહ ﷺનો હુકમ છે ?” અમે કહ્યું : જી હાં! આ પ્યારા રસૂલ ﷺ નો હુકમ છે - હવે અલ્લુ-મલ્લુ બોલ્યા : “તો તો પછી બરાબર જ છે - ખાસ રસૂલ ﷺ એ જે તરીકો અને રીત બતાવી છે - તેના ઉપર જ ચાલવું જોઈએ - હવે અમે દોડીને ક્યારેય જમાઅતમાં શરીક નહીં થઈએ. ”

અમે તેમની આ વાત અને એકરાર સાંભળીને ખૂબ ખુશ થયા - અને અમે ત્રણે મિત્રો હરીફરીને ઘરે પાછા આવી ગયા. —●—

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન
રજી નં. ઈ/૨૨૧૭૨/અમદાવાદ

# ગુજરાતી ભાષામાં ઇસ્લામી સાહિત્ય

ONLY ₹105.00


ઇસ્લામના મૂળભૂત સિધ્ધાંતોનું મહત્વ
અને જરૂરતને મનમોહક અને સરળ રીતે
સમજૂતી આપવા માટે વર્તમાન ભાષાકીય શૈલીને
ધ્યાનમાં રાખીને લખાયેલું પુસ્તક.

SET OF 5 BOOKS


પરફેક્ટ ગિફ્ટ સેટ





નવીન આગમન





₹ 25.00




₹ 90.00




₹ 50.00




₹ 15.00


**ઓર્ડર કરવા વોટ્સએપ કરો +91 87 80 66 19 63**

**ઇસ્લામી સાહિત્ય પ્રકાશન**

બી-૩૦૩, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, જુહાપુરા, અહમદઆબાદ - ૩૮૦૦૫૫

“

A 5 megabyte hard drive in 1956 vs. 1 terabyte today. A terabyte hard drive in 1956 would be the size of a 40-story building.




વૈજ્ઞાનિકોએ આજદિન સુધી માનવજીવનનો ઇતિહાસ 2 લાખ વર્ષનો આંક્યો છે અને તેમાં જન્મેલા માણસોની સંખ્યાનો અંદાઝ ૧૧ હજાર કરોડ છે એમ કહે છે. મોટામાં મોટું દળદાર પુસ્તક આજે 2 MBમાં આવી જાય છે. KINDLE ઉપર પુસ્તક વાંચનારને એ બાબત ખબર જ હશે. 1 TBના મેમરી કાર્ડમાં આવા 5 લાખ પુસ્તકો સમાઇ જાય. દરેક માણસનો જિંદગીનો વ્યક્તિગત હિસાબકિતાબ આવા 1 પુસ્તકમાં તો સમાય જ જાય. એટલે આંગળીના ટેરવા ઉપર આવી જાય એવા મેમરી કાર્ડમાં 5 લાખ લોકોનો હિસાબ આવી જાય. એટલે આજદીન સુધીના જન્મેલા 11 હજાર કરોડ માણસોનો હિસાબકિતાબ 20 હજાર કાર્ડમાં આવી જાય. આતો આજની વાત થઈ.કાલે ટેકનોલોજી બદલાય તો 20 કાર્ડમાં પણ આવી જાય.. અને પોતાને બુદ્ધિશાળી કહેનાર ઘણા મૂરખ એમ પૂછે છે કે અલ્લાહ ડેટા ક્યાંથી લાવશે અને હિસાબ કઈ રીતે કરશે? હસવું કે રડવું?

**અંતરની આંખેથી...**

ડૉ. ઇફ્તેખાર મલિક

અને કર્મપત્રક સામે મૂકી દેવામાં આવશે. તે વખતે તમે જોશો કે અપરાધી લોકો પોતાના જીવન-પુસ્તકમાં અંકિત નોંધોથી ડરી રહ્યા હશે અને કહેતા હશે, ''હાય, અમારું દુર્ભાગ્ય! આ કેવું પુસ્તક છે કે જેમાં અમારું કોઈ નાનું-મોટું કૃત્ય એવું નથી જે આમાં નોંધાઈ ન ગયું હોય.'' જે કાંઈ પણ તેમણે કર્યું હતું તે બધું જ પોતાના સામે જોશે અને તારો રબ કોઈના પર સહેજ પણ જુલ્મ (અન્યાય) નહીં કરે.

કુર્આન- સૂરઃ કહ્ફ - 49

શું મનુષ્ય એમ સમજે છે કે અમે તેના હાડકાંને એકત્રિત કરી નહીં શકીએ ? શા માટે નહીં ? અમે તો તેના આંગળાના ટેરવા સુધ્ધાં બરાબર બનાવી દેવાનું સામર્થ્ય ધરાવીએ છીએ.

કુર્આન- સૂરઃ કિયામહ 3-4

પછી જેણે રજભાર ભલાઈ કરી હશે તે તેને જોઈ લેશે, અને જેણે રજભાર બૂરાઈ કરી હશે તે તેને જોઈ લેશે.

કુર્આન- સૂરઃ ઝીલઝાલ, 7-8

યુવા સાથી
સત્યનો સારથિ
/yuvasaathiguj
www.yuvasaathi.com

IF UNDELIVERED PLEASE RETURN TO :
**Yuvasaathi (Gujarati Monthly)**
B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055